સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 22

[MAY - 2020]
[24/05/20 to 30/05/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

# MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 3

15 TO 31 MAY - 2020

ICE®

Click Here To
DOWNLOAD

## CURRENT TOPICS

- ભારતીય રેલવે દ્વારા ભારતના સૌથી શકિતશાળી રેલવે એન્જિનના ઉપયોગનો પ્રારંભ
- ભારતના કચરા મુકત 6 Five Star શહેરોમાં ગુજરાતના રાજકોટ અને સુરત એમ કુલ 2 શહેરોનો સમાવેશ
- Energy Transition Index 2020માં ભારત 74મા ક્રમે
- બ્રિકસ દેશોની ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB)ના નવા અધ્યક્ષ તરીકે શ્રી માર્કોસ ટ્રોયજોની નિમણૂક
- નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર ઘટીને 4.2 ટકા નોંધાયો
- નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)માં 13 ટકાનો વધારો


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**24 MAY, 2020 SUNDAY**

## ➤ ભારતીય રેલવે દ્વારા ભારતના સૌથી શક્તિશાળી રેલવે એન્જિનના ઉપયોગનો પ્રારંભ

18 મે 2020ના રોજ **ભારતીય રેલવે** દ્વારા સૌપ્રથમ વખત **12,000 હોર્સ પાવર**ના **ઈલેક્ટ્રીક રેલવે એન્જિન**ના ઉપયોગનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- 12,000 HPનું આ રેલવે એન્જિન ભારતીય રેલવે દ્વારા ઉપયોગમાં લેવાયેલું અત્યાર સુધીનું **સૌથી શક્તિશાળી ઈલેક્ટ્રીક રેલવે એન્જિન** છે.
- આ રેલ એન્જિનનું નિર્માણ **'મેક ઈન ઈન્ડિયા'** પ્રોજેક્ટ અંતર્ગત **ભારત**માં જ કરવામાં આવ્યું છે.
- આથી, આ સાથે જ **ભારત** ઉચ્ચ હોર્સ પાવરવાળા લોકોમોટિવ (રેલ એન્જિન)નું ઉત્પાદન કરનાર **વિશ્વનો છઠ્ઠો દેશ** બની ગયો છે.

### આ એન્જિનનું નિર્માણ

**ફ્રાન્સ**ની **અલસ્ટોમ (Alstom)** અથવા તો **Alstom SA** નામની કંપનીના સહયોગથી ભારતમાં **બિહાર**ના **મધેપુરા** જિલ્લામાં આવેલી **Electric Locomotive Factory, Madhepura** ખાતે આ એન્જિનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં 12,000 હોર્સ પાવરના શક્તિશાળી એન્જિનનું નિર્માણ કરવા માટે **ભારતીય રેલવે** દ્વારા ફ્રાન્સની **Alstom** કંપનીના સહયોગથી **Madhepura Electric Locomotive Private Limited (MELPL)** નામના એક Joint Venture (સંયુક્ત સાહસ)ની રચના કરવામાં આવી છે.
- આ કંપની દ્વારા 11 વર્ષમાં **800** જેટલા અતિ આધુનિક 12,000 HP ઈલેક્ટ્રીક એન્જિનનું નિર્માણ કરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## આ એન્જિનનો પ્રારંભ

18 મે 2020ના રોજ ભારતમાં ઉત્તરપ્રદેશના પંડિત દીનદયાળ ઉપાધ્યાય રેલવે સ્ટેશનેથી આ રેલવે એન્જિનની પ્રથમ સફરનો પ્રારંભ થયો હતો.

- અને ભારતમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય રેલવે સ્ટેશનથી શિવપુર વચ્ચે આ રેલ એન્જિનની પ્રથમ વાણિજિયક (Commercial) સફર દોડાવવામાં આવી હતી.
- સમગ્ર વિશ્વમાં કોઈ Broad Gauge Track પર એટલે કે કોઈ મોટી રેલવે લાઈન પર 12,000 હોર્સ પાવરનું શકિતશાળી રેલવે એન્જિન દોડાવવામાં આવ્યું હોય એવી આ પ્રથમ ઘટના હતી.
- આ એન્જિનનું નામ WAG 12 છે અને તેનો નંબર 60027 છે.
- આ એન્જિન સાથે 118 Wagon (માલવાહક ડબ્બાઓ) જોડવામાં આવ્યા હતા.

**નોંધ :** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12,000 હોર્સ પાવરની ક્ષમતાના ભારતના પ્રથમ WAG 12 રેલવે એન્જિનના નિર્માણની આ યોજનાનો પ્રારંભ 10 એપ્રિલ 2018ના રોજ કરાવ્યો હતો.

## ➢ ભારતના કચરા મુકત 6 Five Star શહેરોમાં ગુજરાતના રાજકોટ અને સુરત એમ કુલ 2 શહેરોનો સમાવેશ

ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કરવામાં આવેલી કામગીરીને આધારે કેન્દ્ર સરકારે વર્ષ 2019-2020 માટે ભારતના શહેરોને Star Rating આપ્યા છે.

- આ અંતર્ગત મે 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના મકાન અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી હરદીપ પુરીએ ભારતના વિવિધ શહેરોને મળેલા આ સ્ટાર રેટિંગની જાહેરાત કરી છે.
- જેમાં ભારતના –

  6 શહેરોને 5 Star

  65 શહેરોને 3 Star અને

  70 શહેરોને 1 Star

  રેટિંગ આપવામાં આવ્યા છે.



- જેમાંથી ભારતના 5 સ્ટાર રેટિંગ ધરાવતા 6 શહેરોમાંથી સૌથી વધુ ગુજરાતના રાજકોટ અને સુરત એમ કુલ બે શહેરોનો સમાવેશ થયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ફાઈવ સ્ટાર રેટિંગ ધરાવતા ભારતના કુલ 6 શહેરોમાં ગુજરાતના રાજકોટ અને સુરત ઉપરાંત અંબિકાપુર, મૈસૂર, ઈન્દોર અને નવી મુંબઈનો સમાવેશ થાય છે.

| 5 Star Rating ધરાવતા ભારતના 6 શહેરો | | |
|---|---|---|
| શહેર | રાજ્ય | રેટિંગ |
| અંબિકાપુર | છત્તીસગઢ | 5 સ્ટાર |
| રાજકોટ | ગુજરાત | 5 સ્ટાર |
| સુરત | ગુજરાત | 5 સ્ટાર |
| મૈસૂર | કર્ણાટક | 5 સ્ટાર |
| ઈન્દોર | મધ્યપ્રદેશ | 5 સ્ટાર |
| નવી મુંબઈ | મહારાષ્ટ્ર | 5 સ્ટાર |

## 3 Star Rating

આ રેટિંગમાં ભારતના કુલ 65 શહેરોને 3 star Rating આપવામાં આવ્યા છે.

- ભારતના થ્રી સ્ટાર રેટિંગ ધરાવતા કુલ 65 શહેરોમાં ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, જામનગર, બગસરા અને તાલાળા એમ કુલ પાંચ શહેરોનો સમાવેશ થયો છે.
- ભારતના 3 સ્ટાર રેટિંગ ધરાવતા કચરા મુકત 65 શહેરોમાં સૌથી વધુ મહારાષ્ટ્રના કુલ 34 શહેરોનો સમાવેશ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 1 Star Rating

આ રેટિંગમાં ભારતના કુલ 70 શહેરોને 1 Star Rating આપવામાં આવ્યું છે.

- વન સ્ટાર રેટિંગ ધરાવતા ભારતના કુલ 70 શહેરોમાં ગુજરાતના ભાવનગર, વડોદરા, વિસાવદર, વ્યારા અને તરસાડી એમ કુલ પાંચ શહેરોનો સમાવેશ થયો છે.
- ભારતના 1 સ્ટાર રેટિંગ ધરાવતા કચરા મુકત 70 શહેરોમાંથી સૌથી વધુ મહારાષ્ટ્રના 41 શહેરોનો સમાવેશ થયો છે.

**નોંધ :** ભારતના શહેરોને કચરા મુકત બનાવવા અને તેમાં સ્વચ્છતાના ઉચ્ચ માપદંડો વિકસાવવા માટે કેન્દ્ર સરકારના મકાન અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા જાન્યુઆરી 2018માં સ્ટાર રેટિંગ પ્રોટોકોલ લોન્ચ કરવામાં આવ્યો હતો.

## ICE Questions

1. 18 મે 2020ના રોજ ભારતીય રેલવે દ્વારા તેના સૌથી શક્તિશાળી ઈલેક્ટ્રીક રેલવે એન્જિનની સફરનો પ્રારંભ કરવામાં આવ્યો છે....આ એન્જિન કેટલા HPનું છે ?
(A) 10,000 HP (B) 12,000 HP (C) 14,000 HP (D) 15,000 HP (B)

2. ઉચ્ચ હોર્સ પાવરવાળા લોકોમોટિવ (રેલ એન્જિન)નું ઉત્પાદન કરનાર ભારત વિશ્વનો કેટલામો દેશ બની ગયો છે ?
(A) ત્રીજો (B) ચોથો (C) પાંચમો (D) છઠ્ઠો (D)

3. 12,000 હોર્સ પાવરના ભારતના સૌથી શક્તિશાળી રેલવે એન્જિનની સફરનો તાજતેરમાં પ્રારંભ થયો છે... ભારતમાં કઈ જગ્યાએ આવેલી ઈલેક્ટ્રીક લોકોમોટિવ ફેક્ટરીમાં આ એન્જિનનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) માધવપુર, બિહાર (B) માધાપર, બિહાર
(C) મધેપુરા, બિહાર (D) માધવગઢ, બિહાર (C)

4. ભારતમાં કઈ વિદેશી કંપનીના સહયોગથી 12,000 હોર્સ પાવરના ભારતના સૌથી શક્તિશાળી રેલવે એન્જિનનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) અલસ્ટોમ અથવા અલસ્ટોમ SA (B) અલસ્ટ્રૉંગ અથવા અલસ્ટ્રૉંગ SA
(C) અલસ્ટ્રોન અથવા અલસ્ટ્રોન SA (D) અલસ્ટોન અથવા અલસ્ટોન SA (A)

5. ભારતમાં કઈ કંપની દ્વારા 12,000 હોર્સ પાવરના ભારતના સૌથી શક્તિશાળી ઈલેક્ટ્રીક રેલ એન્જિનનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) Madhepura Electric Locomotive Private Limited
(B) Alstom Electric Locomotive Private Limited
(C) Alcom Electric Locomotive Private Limited
(D) Nelson Electric Locomotive Private Limited (A)

6. 18 મે 2020ના રોજ ભારતના સૌથી શક્તિશાળી રેલ એન્જિનની સફરનો પ્રારંભ થયો છે.....આ એન્જિનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. ઉત્તરપ્રદેશના પંડિત દીનદયાળ ઉપાધ્યાય રેલવે સ્ટેશનેથી આ એન્જિનની સફરનો પ્રારંભ થયો હતો.
2. કોઈ બ્રોડ ગેજ ટ્રેક પર 12000 હોર્સ પાવરનું શક્તિશાળી રેલવે એન્જિન દોડાવવામાં આવ્યું હોય એવી સમગ્ર વિશ્વની આ પ્રથમ ઘટના હતી.
3. આ એન્જિનનું નામ WAG 12 છે.
4. આ એન્જિનની પ્રથમ સફરમાં શિમલા મરચાની હેરફેર કરવામાં આવી હતી.
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2 (D) 1, 3 (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારે વર્ષ 2019-2020 માટે ભારતના કુલ કેટલા શહેરોને 5 Star Rating આપ્યા છે ?
(A) 5 (B) 6 (C) 8 (D) 10 **(B)**

8. ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારે વર્ષ 2019-2020 માટે ભારતના કુલ કેટલા શહેરોને 3 Star Rating આપ્યા છે ?
(A) 60 (B) 65 (C) 70 (D) 75 **(B)**

9. ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારે વર્ષ 2019-2020 માટે ભારતના કુલ કેટલા શહેરોને 1 Star Rating આપ્યા છે ?
(A) 60 (B) 65 (C) 70 (D) 75 **(C)**

10. ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારે વર્ષ 2019-2020 માટે ભારતના કુલ 6 શહેરોને 5 સ્ટાર રેટિંગ આપ્યા છે...આ 6 શહેરોમાં ગુજરાતના કયા બે શહેરોનો સમાવેશ થયો છે ?
(A) અમદાવાદ અને સુરત (B) ગાંધીનગર અને સુરત
(C) રાજકોટ અને સુરત (D) વડોદરા અને સુરત **(C)**

11. ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારે વર્ષ 2019-2020 માટે ભારતના કયા 6 શહેરોને 5 સ્ટાર રેટિંગ આપ્યા છે ?
(A) અંબિકાપુર, રાજકોટ, સુરત, મૈસૂર, ઈન્દોર, નવી દિલ્હી
(B) અંબિકાપુર, રાજકોટ, સુરત, મૈસૂર, ભોપાલ, નવી દિલ્હી
(C) અંબિકાપુર, રાજકોટ, સુરત, મૈસૂર, ભોપાલ, નવી મુંબઈ
(D) અંબિકાપુર, રાજકોટ, સુરત, મૈસૂર, ઈન્દોર, નવી મુંબઈ **(D)**

12. ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારે વર્ષ 2019-2020 માટે ભારતના શહેરોને જુદા જુદા કયા સ્ટાર રેટિંગ આપ્યા છે ?
(A) સેવન સ્ટાર, ફાઈવ સ્ટાર અને થ્રી સ્ટાર (B) ફાઈવ સ્ટાર, ફોર સ્ટાર અને થ્રી સ્ટાર
(C) ફાઈવ સ્ટાર, થ્રી સ્ટાર અને ટુ સ્ટાર (D) ફાઈવ સ્ટાર, થ્રી સ્ટાર અને વન સ્ટાર **(D)**

13. ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારના કયા મંત્રાલયે વર્ષ 2019-2020 માટે ભારતના શહેરોને સ્ટાર રેટિંગ આપ્યા છે ?
(A) માનવ સંસાધન વિકાસ (B) શહેરી વિકાસ
(C) માર્ગ અને મકાન (D) મકાન અને શહેરી બાબતો **(D)**

14. ભારતના વિવિધ શહેરોને સ્વચ્છ અને કચરા મુકત બનાવવા માટે કેન્દ્ર સરકારે વર્ષ 2019-2020 માટે ભારતના શહેરોને ફાઈવ, થ્રી અને વન સ્ટાર રેટિંગ આપ્યા છે. જેમાં ભારતના થ્રી અને વન સ્ટાર રેટિંગ ધરાવતા શહેરોમાં સૌથી વધુ કયા રાજ્યના શહેરોનો સમાવેશ થયો છે ?
(A) મધ્યપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**25 MAY, 2020 MONDAY**

## ➤ દિવસ મહિમા : 25 મે, (1) વિશ્વ થાઈરોઈડ દિવસ (World Thyroid Day)
## (2) ગુમ થયેલા બાળકો માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Missing Children's Day)

## ➤ ભારતમાં રાષ્ટ્રીય જન્મ દર, મૃત્યુ દર તથા બાળ મૃત્યુ દરમાં ઘટાડો

ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા મે 2020 દરમિયાન 'Sample Registration System' (SRS) નામથી એક બુલેટિન પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ બુલેટિન અનુસાર ભારતમાં રાષ્ટ્રીય જન્મ દર, મૃત્યુ દર તથા બાળ મૃત્યુ દરમાં ઘટાડો થયો છે.
- આ બુલેટિન વર્ષ 2018માં એકત્ર કરવામાં આવેલા વિવિધ આંકડાઓને આધારે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

### રાષ્ટ્રીય જન્મ દર

ભારતમાં વર્ષ 1971માં રાષ્ટ્રીય જન્મ દર (National Birth Rate) 36.9 હતો. જે વર્ષ 2018માં ઘટીને 20 થઈ ગયો છે.

- ભારતમાં સૌથી વધુ જન્મ દર બિહારમાં 26.2 છે.
- જ્યારે ભારતમાં સૌથી ઓછો જન્મ દર આંદમાન અને નિકોબારમાં 11.2 છે.
- ભારતમાં રાષ્ટ્રીય જન્મ દરના સંદર્ભમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારો વચ્ચે રહેલા તફાવતમાં ઘટાડો થયો છે.
- ભારતમાં છેલ્લા ચાર દાયકામાં શહેરી વિસ્તારોની તુલનાએ ગ્રામીણ વિસ્તારોમાં જન્મ દર ઊંચો રહયો છે.
- ભારતમાં છેલ્લા એક દાયકામાં જન્મ દરમાં આશરે 11 ટકા જેટલો ઘટાડો થયો છે. વર્ષ 2009માં ભારતમાં જન્મ દર 22.5 હતો. જે ઘટીને વર્ષ 2018માં 20 થઈ ગયો છે.

નોંધ : રાષ્ટ્રીય જન્મ દર એટલે દેશમાં દર વર્ષે દર હજાર વ્યકિતએ જન્મતા જીવીત બાળકોની કુલ સંખ્યા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મૃત્યુ દર

ભારતમાં વર્ષ **1971**માં **મૃત્યુ દર** (Death Rate) **14.9** હતો. જે વર્ષ **2018**માં ઘટીને **6.2** થઈ ગયો છે.

- ભારતમાં સૌથી ઊંચો મૃત્યુ દર **છત્તીસગઢ**માં છે.
- જ્યારે ભારતમાં સૌથી ઓછો મૃત્યુ દર **દિલ્હી**માં છે.
- છેલ્લા એક દાયકામાં ભારતમાં ગ્રામીણ વિસ્તારોમાં મૃત્યુ દરમાં વધુ ઝડપથી ઘટાડો થયો છે.
- સમગ્ર ભારતમાં **છેલ્લા એક દાયકા**માં મૃત્યુ દર **7.3** થી ઘટીને **6.2** થઈ ગયો છે.
- જ્યારે ભારતના **ગ્રામીણ વિસ્તારો**માં તે **7.8**થી ઘટીને **6.7** અને **શહેરી વિસ્તારો**માં **5.8**થી ઘટીને **5.1** થઈ ગયો છે.

**નોંધ : મૃત્યુ દર** એટલે દેશમાં દર વર્ષે દર હજાર વ્યક્તિએ મૃત્યુ પામતા લોકોની કુલ સંખ્યા.

## બાળ મૃત્યુ દર

ભારતમાં વર્ષ **1971**માં **બાળ મૃત્યુ દર** (Infant Mortality Rate) **129** હતો. જે વર્ષ **2018**માં ઘટીને **32** થઈ ગયો છે.

- ભારતમાં સૌથી વધુ બાળ મૃત્યુ દર **મધ્યપ્રદેશ**માં **48** છે.
- જ્યારે ભારતમાં સૌથી ઓછો બાળ મૃત્યુ દર **નાગાલેન્ડ**માં **4** છે.
- ભારતમાં **છેલ્લા એક દાયકામાં 50થી ઘટીને 32** થઈ ગયો છે.
- જ્યારે ભારતના **ગ્રામીણ વિસ્તારો**માં છેલ્લા 10 વર્ષમાં બાળ મૃત્યુ દરમાં **35 ટકા**નો અને **શહેરી વિસ્તારો**માં છેલ્લા 10 વર્ષમાં બાળ મૃત્યુ દર **32 ટકા**નો ઘટાડો થયો છે.

**નોંધ :** (1) **બાળ મૃત્યુ દર** એટલે દેશમાં દર વર્ષે જન્મતા દર એક હજાર જીવીત બાળકોએ 1 વર્ષથી ઓછી ઉંમરે મૃત્યુ પામતા બાળકોની કુલ સંખ્યા.

(2) બાળ મૃત્યુ દરમાં **1 વર્ષ કે તેથી ઓછી ઉંમરે** મૃત્યુ પામતા બાળકોનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ Energy Transition Index 2020માં ભારત 74મા ક્રમે

**WEF** એટલે કે **World Economic Forum** દ્વારા તાજેતરમાં **Energy Transition Index 2020 (ઊર્જા સંક્રમણ સૂચકાંક 2020)** નામથી એક ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- પર્યાવરણને અનુકૂળ ઉર્જા સિસ્ટમને પ્રદર્શિત કરતા આ ઈન્ડેક્સમાં કુલ **115** દેશોમાં **ભારત 74મા** ક્રમે છે.
- જ્યારે આ અગાઉ વર્ષ **2019**માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત **76મા** ક્રમે હતો.

- આમ, વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020ના આ ઈન્ડેક્સમાં ભારતના રેન્કમાં 2 ક્રમનો સુધારો થયો છે.
- વર્ષ 2020ના આ ઈન્ડેક્સમાં સ્વીડન સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે છે.
- સ્વીડન બાદ સ્વિત્ઝર્લેન્ડ બીજા અને ફિનલેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે હૈતી અંતિમ 115મા ક્રમે છે.




**Energy Transition Index 2020 Rank**

| Rank | Country |
|---|---|
| 1 | સ્વીડન |
| 2 | સ્વિત્ઝર્લેન્ડ |
| 3 | ફિનલેન્ડ |
| 55 | શ્રીલંકા |
| 74 | ભારત |
| 78 | ચીન |
| 87 | બાંગ્લાદેશ |
| 94 | પાકિસ્તાન |
| 95 | નેપાળ |
| 115 | હૈતી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. ‘વિશ્વ થાઈરોઈડ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 મે (B) 24 મે (C) 25 મે (D) 26 મે **(C)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા ‘ગુમ થયેલા બાળકો માટેના આંતરરાષ્ટ્રીય દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 મે (B) 24 મે (C) 25 મે (D) 26 મે **(C)**

3. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા ‘સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ’ (SRS) બુલેટિન અનુસાર ભારતમાં વર્ષ 2018માં રાષ્ટ્રીય જન્મ દર કેટલો છે ?
(A) 36.9 (B) 30.3 (C) 22.0 (D) 20.0 **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

4. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' (SRS) બુલેટિન અનુસાર ભારતમાં વર્ષ 2018માં મૃત્યુ દર કેટલો છે ?
(A) 14.9 (B) 12.2 (C) 8.2 (D) 6.2 **(D)**

5. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' (SRS) બુલેટિન અનુસાર ભારતમાં વર્ષ 2018માં બાળ મૃત્યુ દર કેટલો છે ?
(A) 129 (B) 38 (C) 32 (D) 30 **(C)**

6. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' (SRS) બુલેટિન અનુસાર ભારતમાં સૌથી વધુ જન્મ દર કયા રાજ્યમાં છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) ઝારખંડ (D) છત્તીસગઢ **(B)**

7. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' (SRS) બુલેટિન અનુસાર ભારતમાં સૌથી વધુ મૃત્યુ દર કયા રાજ્યમાં છે ?
(A) ઉત્તરાખંડ (B) ઝારખંડ (C) છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ **(C)**

8. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' (SRS) બુલેટિન અનુસાર ભારતમાં સૌથી વધુ બાળ મૃત્યુ દર કયા રાજ્યમાં છે ?
(A) ઉત્તરાખંડ (B) ઝારખંડ (C) છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ **(D)**

9. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' (SRS) બુલેટિન અનુસાર વર્ષ 2018માં ભારતમાં સૌથી ઓછો જન્મ દર કયાં છે ?
(A) આંદમાન–નિકોબાર (B) તેલંગાણા
(C) કેરળ (D) દિલ્હી **(A)**

10. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' (SRS) બુલેટિન અનુસાર વર્ષ 2018માં ભારતમાં સૌથી ઓછો મૃત્યુ દર કયાં છે ?
(A) દિલ્હી (B) પંજાબ (C) કેરળ (D) નાગાલેન્ડ **(A)**

11. ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા 'સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ' (SRS) બુલેટિન અનુસાર વર્ષ 2018માં ભારતમાં સૌથી ઓછો બાળ મૃત્યુ દર કયાં છે ?
(A) મણિપુર (B) મેઘાલય (C) નાગાલેન્ડ (D) ત્રિપુરા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા પ્રસિદ્ધ થયેલા 'એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2020' માં ભારત કયા ક્રમે છે ?
(A) 84મા (B) 80મા (C) 76મા (D) 74મા **(D)**

13. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા પ્રસિદ્ધ થયેલા 'એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2020' માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) નોર્વે (B) સ્વીડન (C) ફિનલેન્ડ (D) સ્વિત્ઝર્લેન્ડ **(B)**

14. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા પ્રસિદ્ધ થયેલા 'એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ 2020' માં અંતિમ 115મા ક્રમે કયો દેશ છે ?
(A) યુગાન્ડા (B) ઝામ્બિયા (C) હૈતી (D) બોલિવિયા **(C)**

**26 MAY, 2020 TUESDAY**

## ➤ જમ્મુ કાશ્મીર ગ્રાન્ટ ઓફ ડોમિસાઈલ સર્ટિફિકેટ (પ્રોસીજર) રુલ્સ 2020

ભારતમાં કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં તાજેતરમાં 'જમ્મુ કાશ્મીર ગ્રાન્ટ ઓફ ડોમિસાઈલ સર્ટિફિકેટ (પ્રોસીજર) રુલ્સ 2020' સૂચિત કરવામાં આવ્યા છે.

- જમ્મુ કાશ્મીરના નાગરિકોને જમ્મુ કાશ્મીરમાં આ નિયમોને આધારે જ **'નિવાસસ્થાન પ્રમાણપત્ર' (Domicile Certificate)** આપવામાં આવશે.

### આ અંગેના નિયમો

આ રુલ્સ અંતર્ગત જાહેર કરવામાં આવેલા નિયમો આ પ્રમાણે છે :

1. જમ્મુ કાશ્મીરમાં અરજદારને વધુમાં વધુ 15 દિવસમાં ડોમિસાઈલ સર્ટિફિકેટ આપવાનું રહેશે.
2. અરજદારને જો 15 દિવસમાં સર્ટિફિકેટ ન મળે તો તે **Appellate Authority** ને ફરિયાદ કરી શકશે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. ત્યારબાદ સત્તાધારી અધિકારીએ Appellate Authority જે આદેશ આપે તે આદેશનું સાત દિવસમાં પાલન કરવાનું રહેશે. અને જો એમ ન થાય તો જે તે અધિકારીએ તેના પગારમાંથી **રૂ. 50,000 દંડ** ચૂકવવો પડશે.
4. આ ઉપરાંત Appellate Authorityને પુનર્નિરિક્ષણની શકિતઓ પણ આપવામાં આવી છે.
5. જમ્મુ કાશ્મીરના એવા નાગરિકો કે જેમને **31 ઓક્ટોબર, 2019 પહેલા જ 'સ્થાયી નિવાસી પ્રમાણપત્ર' (Permanent Resident Certificate-PRC)** આપવામાં આવ્યા હોય તેમને આ પ્રમાણપત્રને આધારે જ **'ડોમિસાઈલ સર્ટિફિકેટ'** આપવામાં આવશે. આ માટે તેમણે કોઈ વિશેષ દસ્તાવેજો આપવાના રહેશે નહિ.
6. આ સર્ટિફિકેટ મેળવવા માટે નાગરિકો ભૌતિક અથવા ઈલેકટ્રોનિકસ સ્વરૂપે પણ અરજી કરી શકશે.

**નોંધ :** ઉપરોકત નિયમોને કારણે **જમ્મુ કાશ્મીર**માં નાગરિકોને કોઈપણ જાતના ભ્રષ્ટાચાર વિના પારદર્શક રીતે ઝડપથી **'ડોમિસાઈલ સર્ટિફિકેટ'** મળી શકશે.

## ડોમિસાઈલ સર્ટિફિકેટ મેળવવાની યોગ્યતા

કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર જમ્મુ કાશ્મીરમાં **'નિવાસસ્થાન પ્રમાણપત્ર' (Domicile Certificate)** મેળવવા માટેની લાયકાત આ પ્રમાણે છે :

1. તેઓ જમ્મુ કાશ્મીરમાં ઓછામાં ઓછા **15 વર્ષ કે તેથી વધુ સમયથી** રહેતા હોવા જોઈએ.

અથવા

2. તેમણે જમ્મુ કાશ્મીરમાં **7 વર્ષ** સુધી શિક્ષણ લીધું હોવું જોઈએ અને તેમણે જમ્મુ કાશ્મીરમાં આવેલી શિક્ષણ સંસ્થામાંથી **ધોરણ 10 અને 12**ની પરીક્ષા આપી હોવી જોઈએ.

ભારતમાં કેન્દ્ર સરકારે **Jammu & Kashmir Reorganisation (Adaption of State Laws) Order 2020**ની **કલમ 3A** અંતર્ગત જમ્મુ કાશ્મીરના નિવાસિયો કોને ગણવા તે નક્કી કરવા માટેની ઉપરોકત નવી પરિભાષા સુનિશ્ચિત કરી હતી.

## ➤ ઓડિશાના કોણાર્ક શહેર તથા કોણાર્કના સૂર્યમંદિરને 100 ટકા સૌર ઉર્જા સંચાલિત બનાવાશે

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **ઓડિશા**ના **કોણાર્ક શહેર** તથા **કોણાર્કના સૂર્ય મંદિર**ને **100 ટકા સૌર ઉર્જા સંચાલિત** બનાવવાની યોજના હાથ ધરવામાં આવી છે.

- આ અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકારના **નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય (Ministry of New and Renewable Energy)** દ્વારા આ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- કેન્દ્ર સરકારની આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ઓડિશાના **કોણાર્ક** શહેરને **'સૂર્ય નગરી'** તરીકે વિકસાવવાનો છે.
- આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા **રૂ. 25 કરોડ**ની સહાય આપવામાં આવશે.

## કોણાર્કનું સૂર્યમંદિર



ભારતમાં **ઓડિશા**ના **પૂરી** જિલ્લાના **કોણાર્ક** શહેરમાં આ પ્રસિદ્ધ સૂર્ય મંદિર આવેલું છે.

- કોણાર્કના આ પ્રસિદ્ધ સૂર્ય મંદિરનું નિર્માણ **13મી સદી**માં **ગંગ વંશ**ના શાસક **શ્રી નરસિંહ દેવ પ્રથમે** કરાવ્યું હતું.
- કોણાર્કનું આ સૂર્ય મંદિર **ભગવાન સૂર્યના રથ**ની એક વિશાળ પ્રતિકૃતિ છે.
- આ રથને **24 પૈડા** છે. અને તેને વિશિષ્ટ ડિઝાઈનથી સુશોભિત કરવામાં આવ્યા છે.
- આ રથને ખેંચવા માટે તેની સાથે **સાત ઘોડા**ને જોડવામાં આવ્યા છે. આ સાત ઘોડા દ્વારા આ રથને ખેંચવામાં આવે છે એવું દર્શાવવામાં આવ્યું છે.

**નોંધ :** (1) કોણાર્કના આ પ્રસિદ્ધ મંદિરનો **1984**માં **યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ**માં સમાવેશ કરવામાં આવ્યો હતો.

(2) ભારતમાં આ મંદિરનું સંરક્ષણ **'ભારતીય પુરાતત્ત્વ સર્વે' (Archaeological Survey of India-ASI)** દ્વારા કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્માન ભારત યોજના'ના 1 કરોડમા લાભાર્થી સાથે વાર્તાલાપ કર્યો

માત્ર બે વર્ષથી ઓછા સમયમાં ભારતમાં **'આયુષ્માન ભારત યોજના'**ના લાભાર્થીઓની સંખ્યા વધીને **1 કરોડથી પાર** થઈ ગઈ છે.

- આ પ્રસંગે મે 2020 દરમિયાન ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **'આયુષ્માન ભારત યોજના'**ના **1 કરોડમા** લાભાર્થી સાથે વાતચીત કરી હતી.
- આ અંતર્ગત તેમણે ટેલિફોનથી **મેઘાલય**ના **સુશ્રી પૂજા થાપા** સાથે વાર્તાલાપ કર્યો હતો.
- ભારતના **મેઘાલય**ના રહેવાસી **સુશ્રી પૂજા થાપા** આયુષ્માન ભારત યોજનાના **1 કરોડમા લાભાર્થી** છે.

## આયુષ્માન ભારત યોજના

આયુષ્માન ભારત યોજનાનું પૂરું નામ **'આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' (AB PM JAY)** છે.

- **23 સપ્ટેમ્બર, 2018**ના રોજ **ઝારખંડ**ની રાજધાની **રાંચી**ના **પ્રભાત તારા મેદાન** ખાતેથી વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ આ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.
- 'આયુષ્માન ભારત' એ **વિશ્વની સૌથી મોટી** સ્વાસ્થ્ય યોજના છે.
- આ યોજના અંતર્ગત ભારતના **10 કરોડ કુટુંબો**ને અને ભારતની કુલ વસતીના **40 ટકા** લોકોને એટલે કે આશરે **50 કરોડ** લોકોને સ્વાસ્થ્ય વીમો ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ યોજના અંતર્ગત લાભાર્થીને **પરિવાર દીઠ** વાર્ષિક **રૂ. 5 લાખ**નું વીમા કવચ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- ભારતમાં **સામાજિક-આર્થિક અને જાતિ આધારિત વસતિ ગણતરી 2011**ની યાદીમાં જે વ્યક્તિ તથા તેમના કુટુંબના સભ્યોનું નામ નોંધાયેલું હોય તેમને આ યોજનાનો લાભ મળે છે.
- ભારતમાં કોઈપણ ઉંમરના કુટુંબના દરેક સભ્યોને આ યોજનાનો લાભ મળે છે. આ યોજના અંતર્ગત ઉંમર કે કુટુંબના સભ્યોની સંખ્યા પર કોઈ જ મર્યાદા નથી.

**નોંધ :** (1) **અમેરિકા**માં લોકપ્રિય બનેલી સ્વાસ્થ્ય યોજના **'ઓબામાકેર'**ને આધારે તૈયાર થયેલી આ યોજનાને **'મોદીકેર' (Modicare)** તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** અને નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલે** 23 સપ્ટેમ્બર, 2018ના રોજ **અમદાવાદ**ની **સિવિલ હોસ્પિટલ** ખાતેથી ગુજરાતમાં **રાજ્યકક્ષા**એ આ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 'જમ્મુ કાશ્મીર ગ્રાન્ટ ઓફ ડોમિસાઈલ સર્ટિફિકેટ (પ્રોસીજર) રુલ્સ 2020' અનુસાર જમ્મુ કાશ્મીરમાં અરજદારને વધુમાં વધુ કેટલા દિવસમાં 'ડોમિસાઈલ સર્ટિફિકેટ' અથવા તો 'નિવાસસ્થાન પ્રમાણપત્ર' આપવામાં આવશે ?

(A) 15 (B) 20 (C) 25 (D) 30

(A)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

2. ભારતમાં કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર જમ્મુ કાશ્મીરમાં 'નિવાસસ્થાન પ્રમાણપત્ર' (Domicile Certificate) મેળવવા માટેની લાયકાતમાં નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે ?
   1. તેઓ જમ્મુ કાશ્મીરમાં ઓછામાં ઓછા 15 વર્ષ કે તેથી વધુ સમયથી રહેતા હોવા જોઈએ.
   2. તેઓ જમ્મુ કાશ્મીરમાં ઓછામાં ઓછા 25 વર્ષ કે તેથી વધુ સમયથી રહેતા હોવા જોઈએ.
   3. અથવા તેમણે જમ્મુ કાશ્મીરમાં 7 વર્ષ સુધી શિક્ષણ લીધું હોય અને તેમણે જમ્મુ કાશ્મીરમાં આવેલી શિક્ષણ સંસ્થામાંથી ધોરણ 10 અને 12ની પરીક્ષા આપી હોય.
   4. અથવા તેમણે જમ્મુ કાશ્મીરમાં 10 વર્ષ સુધી શિક્ષણ લીધું હોય અને તેમણે જમ્મુ કાશ્મીરમાં આવેલી શિક્ષણ સંસ્થામાંથી ધોરણ 10 અને 12ની પરીક્ષા આપી હોય.

Ans. : (A) 1 અને 3 (B) 1 અને 4 (C) 2 અને 3 (D) 2 અને 4 **(A)**

3. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા સૂર્યમંદિરને 100 ટકા સૌર ઉર્જા સંચાલિત બનાવવાની યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે ?
   (A) મોઢેરાનું સૂર્ય મંદિર (B) માર્તન્ડ સૂર્ય મંદિર
   (C) કોણાર્કનું સૂર્ય મંદિર (D) કોલ્લમનું સૂર્ય મંદિર **(C)**

4. ભારતમાં કયા શહેરને 'સૂર્ય નગરી' તરીકે વિકસાવવા માટે તેને 100 ટકા સૌર ઉર્જા સંચાલિત બનાવવાની યોજનાનો કેન્દ્ર સરકાર દ્વારા શુભારંભ કરવામાં આવ્યો છે ?
   (A) મોઢેરા (B) માર્તન્ડ (C) કોલ્લમ (D) કોણાર્ક **(D)**

5. મે 2020 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્માન ભારત યોજના'ના કેટલામા લાભાર્થી સાથે વાર્તાલાપ કર્યો છે ?
   (A) 50 લાખમા (B) 1 કરોડમા (C) 2 કરોડમા (D) 3 કરોડમા **(B)**

6. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્માન ભારત યોજના'ના 1 કરોડમા લાભાર્થી સાથે વાર્તાલાપ કર્યો છે.... 'આયુષ્માન ભારત યોજના'ના 1 કરોડમા લાભાર્થીનું નામ શું છે ?
   (A) સુશ્રી પૂજા થાપર (B) સુશ્રી પૂજા નાયર
   (C) સુશ્રી પૂજા થાપા (D) સુશ્રી પૂજા નૈયર **(C)**

7. 'આયુષ્માન ભારત યોજના'ના એક કરોડમા લાભાર્થી સુશ્રી પૂજા થાપાના રાજ્યનું નામ શું છે ?
   (A) મણિપુર (B) મેઘાલય (C) ઓડિશા (D) સિક્કિમ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. 'આયુષ્માન ભારત યોજના'ના લાભાર્થીઓની સંખ્યા 1 કરોડથી પાર થવાના પ્રસંગે ભારતના આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને કયા સોશિયલ મીડિયા પ્લેટ ફોર્મ પર 'આસ્ક આયુષ્માન' નામના ચેટ બોક્સનો શુભારંભ કરાવ્યો છે ?
(A) ફેસબૂક (B) ઈન્સ્ટાગ્રામ (C) વોટ્સએપ (D) ટ્વિટર **(C)**

9. ભારતમાં આયુષ્માન ભારત યોજના'નો પ્રારંભ ક્યારે થયો હતો ?
(A) 23 ઓગસ્ટ, 2018 (B) 23 સપ્ટેમ્બર, 2018
(C) 23 ઓક્ટોબર, 2018 (D) 23 નવેમ્બર, 2018 **(B)**

10. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 સપ્ટેમ્બર, 2018ના રોજ ભારતના કયા શહેરમાં આવેલા પ્રભાત તારા મેદાન ખાતેથી 'આયુષ્માન ભારત યોજના'નો પ્રારંભ કરાવ્યો હતો ?
(A) દહેરાદૂન, ઉત્તરાખંડ (B) રાયપુર, છત્તીસગઢ
(C) રાંચી, ઝારખંડ (D) ભોપાલ, મધ્યપ્રદેશ **(C)**

11. 'આયુષ્માન ભારત યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. તેનું પૂરું નામ 'પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના' છે.
2. તે વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે.
3. આ યોજના અંતર્ગત લાભાર્થીને પરિવાર દીઠ વાર્ષિક રૂ. 5 લાખનું વીમા કવચ આપવામાં આવે છે.
4. આ યોજના 'મોદીકેર' તરીકે પણ ઓળખાય છે.
5. આ યોજનાની તર્જ પર પાકિસ્તાનમાં 'પઠાણકેર' યોજના લોન્ચ કરવામાં આવી છે.
(A) 1, 2, 3, 4, 5 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4, 5 (D) 2, 3, 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

**27 MAY, 2020 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 27 મે, શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ

## ➤ ભારતના પ્રસિદ્ધ હોકી ખેલાડી શ્રી બલબીર સિંહ સીનિયરનું નિધન



ભારતના પ્રસિદ્ધ હોકી ખેલાડી **શ્રી બલબીર સિંહ** અથવા તો **શ્રી બલબીર સિંહ સીનિયરનું** 25 મે 2020ના રોજ પંજાબના મોહાલી ખાતે 96 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 31 ડિસેમ્બર 1923ના રોજ પંજાબના જલંધર જિલ્લાના હરિપુર ખાલસા ખાતે થયો હતો.
- ભારતમાં શ્રી બલબીર સિંહ નામના અન્ય હોકી ખેલાડીથી ભ્રમ ઉભો ન થાય તે માટે તેમને **શ્રી બલબીર સિંહ સીનિયર** તરીકે ઓળખવામાં આવતા હતા.
- શ્રી બલબીર સિંહ સીનિયર ભારતના એવા એકમાત્ર હોકી ખેલાડી હતા કે જે **ત્રણ વખત ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા ટીમના સભ્ય રહયા હોય.**
- શ્રી બલબીર સિંહ સીનિયર લંડન (1948), હેલસિન્કી (1952) અને મેલબોર્ન (1956) ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમના સભ્ય હતા.
- તેઓ 1975માં ભારતીય હોકી ટીમના **મેનેજર અને ચીફ કોચ** પણ રહયા હતા.
- તેઓ જ્યારે કોચ હતા ત્યારે ભારતીય હોકી ટીમે **હોકી વર્લ્ડ કપ** પણ જીત્યો હતો.

### એવોર્ડ

શ્રી બલબીર સિંહ સીનિયરને ભારત સરકાર તરફથી વર્ષ 1957માં **પદ્મ શ્રી પુરસ્કાર** એનાયત થયો હતો.

- શ્રી બલબીર સિંહ સીનિયર પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા **ભારતના પ્રથમ ખેલાડી** છે.
- વર્ષ 2006માં તેમને **'સર્વ શ્રેષ્ઠ સિખ હોકી ખેલાડી'** તરીકેનો ખિતાબ આપવામાં આવ્યો હતો.
- વર્ષ 2015માં તેમને **'મેજર ધ્યાનચંદ લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**નોંધ :** (1) આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ **આધુનિક ઓલિમ્પિક ઈતિહાસના 16 મહાન ખેલાડીઓ**માં શ્રી બલબીર સિંહ સીનિયરનો સમાવેશ કર્યો હતો.

(2) શ્રી બલબીર સિંહે ઓલિમ્પિકમાં પુરુષ હોકીની ફાઈનલ મેચમાં **સૌથી વધુ ગોલ** કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

(3) તેમનું મૂળ નામ **શ્રી બલબીર સિંહ દોસાંજ** હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ સ્પોર્ટ્સને 'ઉદ્યોગ'નો દરજ્જો આપનાર મિઝોરમ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

ભારતના પૂર્વોત્તર રાજ્ય **મિઝોરમ**માં મિઝોરમ સરકારે **રમતગમત (Sports)**ને **ઉદ્યોગ (Industry)**નો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો છે.

- આ સાથે જ **મિઝોરમ** સ્પોર્ટ્સને 'ઉદ્યોગ'નો દરજ્જો આપનાર **ભારતનું પ્રથમ રાજ્ય** બની ગયું છે.
- મિઝોરમમાં નવી રોજગારીનું સર્જન કરવા અને રમતગમતને પ્રોફેશનલ બનાવવા માટે મિઝોરમ સરકારે આ નિર્ણય કર્યો છે.
- આ નિર્ણય પાછળનો એક અન્ય ઉદ્દેશ મિઝોરમમાં રમતગમતને પ્રોત્સાહન આપવાનો પણ છે.

**નોંધ :** (1) સમગ્ર દેશમાં મિઝોરમ ફૂટબોલની રમત માટે પ્રસિદ્ધ છે.
(2) મિઝોરમની સર્વોચ્ચ ફૂટબોલ લીગનું નામ '**મિઝોરમ પ્રીમિયર લીગ**' છે.

## ➢ મેજર સુમન ગવની 'સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ' જીતનાર પ્રથમ ભારતીય બન્યા



ભારતીય સેનાના મહિલા અધિકારી **મેજર સુમન ગવની**ની **'સંયુક્ત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ-2019' (United Nations Military Gender Advocate of the Year Award-2019)** માટે પસંદગી કરવામાં આવી છે.

- આ સાથે જ મેજર સુમન ગવની આ એવોર્ડ જીતનાર **પ્રથમ ભારતીય** બની ગયા છે.
- મેજર સુમન ગવની ઉપરાંત **બ્રાઝિલ** સેનાના **મહિલા કમાન્ડર કાર્લા મોન્ટેઈરો દે કાસ્ત્રો અરાઉજો**ને પણ આ પુરસ્કાર એનાયત થયો છે.
- મેજર સુમન ગવની વર્ષ **2011**માં ભારતીય સેનામાં સામેલ થયા હતા.
- તાજેતરમાં તેઓ **સંયુક્ત રાષ્ટ્ર**ના એક મિશન અંતર્ગત **દક્ષિણ સુદાન**માં તહેનાત હતા. અને હાલમાં જ તેમણે આ મિશન પૂર્ણ કર્યું છે.

**નોંધ :** આ પુરસ્કારનો પ્રારંભ વર્ષ **2016**થી થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE

## ICE Questions

1. શ્રી જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ તરીકે ભારતમાં કયો દિવસ ઉજવાય છે ?
(A) 25 મે (B) 26 મે (C) 27 મે (D) 28 મે **(C)**

2. તાજેતરમાં શ્રી બલબીર સિંહનું નિધન થયું છે.. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) સૈન્ય (B) રાજનીતિ (C) રમતગમત (D) સાહિત્ય **(C)**

3. શ્રી બલબીર સિંહનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?
(A) હોકી (B) ફૂટબોલ (C) ક્રિકેટ (D) રેસલિંગ **(A)**

4. ભારતના પ્રસિદ્ધ હોકી ખેલાડી શ્રી બલબીર સિંહ સીનિયરનું તાજેતરમાં નિધન થયું છે... તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) હરિયાણા (B) પંજાબ (C) દિલ્હી (D) હિમાચલ પ્રદેશ **(B)**

5. પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા ભારતના પ્રથમ ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી જોગિન્દર સિંહ (B) શ્રી મોહિન્દર અમરનાથ
(C) શ્રી બલવિન્દર સિંહ (D) શ્રી બલબીર સિંહ **(D)**

6. સ્પોર્ટ્સને 'ઉદ્યોગ'નો દરજ્જો આપવાનો નિર્ણય કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?
(A) મેઘાલય (B) મિઝોરમ
(C) અરૂણાચલ પ્રદેશ (D) ઓડિશા **(B)**

7. ભારતના મિઝોરમમાં સ્પોર્ટ્સને 'ઉદ્યોગ'નો દરજ્જો આપવામાં આવ્યો છે....મિઝોરમ કઈ રમત માટે પ્રસિદ્ધ છે ?
(A) હોકી (B) ક્રિકેટ (C) ટેનિસ (D) ફૂટબોલ **(D)**

8. 'સંયુકત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ 2019' માટે કયા ભારતીય મહિલાની પસંદગી કરવામાં આવી છે ?
(A) મેજર કૃપા ઉપાધ્યાય (B) મેજર સંજના વ્યાસ
(C) મેજર સુમન ગવની (D) મેજર સંધ્યા થાપા **(C)**

9. 'સંયુકત રાષ્ટ્ર સૈન્ય જેન્ડર એડવોકેટ ઓફ ધ યર એવોર્ડ' વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિ કોણ છે ?
(A) મેજર સરદાર સિંહ (B) મેજર રાજેશ નાયક
(C) મેજર જગજીત સિંહ (D) મેજર સુમન ગવની **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**28 MAY, 2020 THURSDAY**

## ➤ દિવસ મહિમા : 28 મે, (1) વિશ્વ ભૂખ દિવસ (World Hunger Day) (2) વિશ્વ ડુગોંગ દિવસ (World Dugong Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે **28 મે**ના રોજ **'વિશ્વ ભૂખ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- 'વિશ્વ ભૂખ દિવસ'એ **'The Hunger Project'** નામના એક વૈશ્વિક સંગઠન દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.
- **'ધ હંગર પ્રોજેક્ટ'** એ વૈશ્વિક સ્તરે ભૂખ માટે તર્ક સંગત ઉપાયો શોધવા માટે પ્રતિબદ્ધ વૈશ્વિક સંગઠન છે.
- આ સંગઠનની સ્થાપના **1977**માં થઈ હતી.

**નોંધ :** (1) ગ્લોબલ હંગર રિપોર્ટ 2018માં કુલ 119 દેશોમાં ભારત 103મા ક્રમે હતો.
(2) આ રિપોર્ટમાં ભારતનો સમાવેશ 'હંગર'ની દ્રષ્ટિએ 'ગંભીર' કેટેગરીના દેશોમાં થયો હતો.

### વિશ્વ ડુગોંગ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **28 મે**ના રોજ **'વિશ્વ ડુગોંગ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- ડુગોંગ એ વિશ્વનું **એકમાત્ર શાકાહારી સમુદ્રી સ્તનધારી** છે.
- તેને **'સમુદ્રી ગાય' (Sea Cow)** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ જીવ અત્યારે લુપ્ત થવાની કગાર પર છે.
- આથી, તેના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ **2020**ની **'વિશ્વ ડુગોંગ દિવસ'**ની થીમ **'Save Dugong, Save Livelihood'** છે.

## ➤ WHOના વડા શ્રી ટેડરોસ અધનમ દ્વારા 'WHO Foundation' નામની નવી સંસ્થાની રચનાની જાહેરાત

World Health Organisation (WHO)ના ડિરેક્ટર જનરલ **શ્રી ટેડરોસ અધનમ** દ્વારા તાજેતરમાં **'WHO Foundation'** નામથી એક નવી સંસ્થાનું નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

- આ સ્વતંત્ર સંસ્થા કાયદાકીય રીતે WHOથી અલગ હશે.
- COVID-19ની વર્તમાન મહામારીના સમયમાં આર્થિક પડકારોનો સામનો કરવા માટે આ નવી સંસ્થાની સ્થાપના કરવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ નવી સંસ્થાના નિર્માણનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય લોકો સહિત નાણાં મેળવવા માટેના બિનપરંપરાગત સ્ત્રોતો દ્વારા ફંડ એકત્ર કરવાનો છે.
- ટૂંકમાં, WHOને નાણાકીય સહાય કરવા માટે આ નવી સંસ્થાની સ્થાપના કરવામાં આવશે.
- અને તેનું વડું મથક **સ્વિત્ઝર્લેન્ડ**ના **જીનેવા** ખાતે રહેશે.
- આ સંસ્થા ખાસ કરીને વૈશ્વિક જાહેર આરોગ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેમજ વૈશ્વિક લેવલે આરોગ્ય સિસ્ટમને મજબૂત બનાવવા માટે કાર્ય કરશે.

## WHO

**WHOનું** પૂરું નામ **World Health Organisation** છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખભાળ રાખતી **યુનાઈટેડ નેશન્સ**ની એક વિશેષ એજન્સી છે.
- **7 એપ્રિલ, 1948**ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક **સ્વિત્ઝર્લેન્ડ**ના **જીનેવા** ખાતે આવેલું છે.

**નોંધ :** WHOના વર્તમાન (28 મે 2020ની સ્થિતિએ) **8મા** અધ્યક્ષ અથવા તો Director General **શ્રી ટેડરોસ અધનમ** છે.

## ➢ આત્મનિર્ભર ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા માટે ભારતીય વાયુ સેના દ્વારા રૂ. 8000 કરોડની 3 યોજના સ્થગિત

ભારતીય વાયુસેનાના વડા **શ્રી આર. કે. એસ. ભદોરિયા**એ **રૂ. 8000 કરોડ**ની ભારતીય વાયુસેનાની **ત્રણ યોજના** સ્થગિત કરવાની જાહેરાત કરી છે.

- આ ત્રણ યોજનાઓમાં નીચેની યોજનાઓનો સમાવેશ થાય છે :
  - (1) બ્રિટન પાસેથી વધારાના 20 હોક વિમાન ખરીદવાની યોજના
  - (2) અમેરિકા પાસેથી 38 પિલાટસ બેઝિક ટ્રેનર વિમાન ખરીદવાની યોજના અને
  - (3) અમેરિકાના એન્જિનો સાથે 30 જગુઆર ફાઈટર પ્લેનને અપગ્રેડ કરવાની યોજના
- ભારતમાં **'મેક ઈન ઈન્ડિયા'** પ્રોગ્રામ તથા **'આત્મનિર્ભર ભારત અભિયાન'**ને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ મણિપુરની KHUDOL પહેલ શું છે ?



**સંયુક્ત રાષ્ટ્ર** દ્વારા તાજેતરમાં **COVID-19**નો સામનો કરવા માટેની **વિશ્વની ટોપ-10 પહેલો**ની એક યાદી જાહેર કરવામાં આવી છે.

- આ યાદીમાં **ભારત**ના **મણિપુર**ની **KHUDOL પહેલ**નો પણ સમાવેશ થયો છે.
- તેથી આ પહેલ હાલ ચર્ચામાં છે.
- મણિપુરમાં એક NGO દ્વારા આ પહેલ શરૂ કરવામાં આવી છે.
- આ પહેલને **Ya_ALL** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ પહેલ અંતર્ગત મણિપુરમાં LGBTQ સમુદાયના લોકો, રોજિંદા કામદારો અને એઈડ્સથી પ્રભાવિત લોકોને ભોજન, સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
- આ પહેલ અંતર્ગત આશરે 1000થી વધુ સ્વાસ્થ્ય કિટ, 6500થી વધુ સેનેટરી પેડ તેમજ અન્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું છે.

## ➤ ભારતમાં બોર્ડર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ સંબંધિત શેકટકર સમિતિની ત્રણ ભલામણોનો કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકાર

ભારતમાં **બોર્ડર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ સંબંધિત ભલામણો** માટે કેન્દ્ર સરકારે **લેફ્ટેનન્ટ જનરલ ડી. બી. શેકટકર**ની અધ્યક્ષતામાં તજજ્ઞોની એક **સમિતિની** રચના કરી હતી.

- ભારતમાં સરહદ પર માળખાગત સુવિધાઓ વિકસાવવા માટે રચાયેલી આ સમિતિએ કરેલી ભલામણોમાંથી કેન્દ્ર સરકારે ત્રણ ભલામણોનો સ્વીકાર કર્યો છે.
- આ ત્રણ ભલામણોમાં નીચેની ભલામણોનો સમાવેશ થાય છે :

(1) **રૂ. 100 કરોડથી વધુ** ખર્ચવાળા તમામ કાર્યો માટે **Engineering Procurement Contract (EPC)** મોડ અપનાવવાનો ફરજિયાત કરવામાં આવ્યો છે.

(2) આધુનિક નિર્માણ યંત્રોની સ્થાપના અને સાધનો તથા મશીનરીની ખરીદી માટે **BRO (Border Roads Organisation)**ની ખરીદ ક્ષમતા **7.5 કરોડ રૂપિયા**થી વધારીને **રૂ. 100 કરોડ** કરવામાં આવી છે.

(3) આ ઉપરાંત પ્રોજેક્ટ શરૂ થયા પહેલા પૂર્વ મંજૂરી મેળવવા સંબંધિત ભલામણનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.

**નોંધ :** ઉપરોક્ત ભલામણો લાગુ કરવાથી ભારતમાં સરહદી વિસ્તારોમાં માર્ગ નિર્માણને વેગ મળશે અને તેને પરિણામે ભારતના સરહદી વિસ્તારોના આર્થિક તેમજ સામાજિક વિકાસમાં વૃદ્ધિ થશે.

## ICE ? Questions

1. ધ હંગર પ્રોજેક્ટ દ્વારા 'વિશ્વ ભૂખ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે **(C)**

2. 'વિશ્વ ડુગોંગ દિવસ' અથવા તો 'વિશ્વ સમુદ્રી ગાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે **(C)**

3. WHOના વડા શ્રી ટેડરોસ અધનમે વર્તમાન આર્થિક પડકારોનો સામનો કરવા માટે કઈ નવી સંસ્થાની સ્થાપના કરવાની જાહેરાત કરી છે ?
(A) WHO Organisation (B) WHO Foundation
(C) WHO International (D) WHO Global **(B)**

4. WHOના વડા શ્રી ટેડરોસ અધનમે તાજેતરમાં WHO Foundation નામની નવી સંસ્થાની સ્થાપનાની જાહેરાત કરી છે... આ સંસ્થાનું વડું મથક કયાં હશે ?
(A) પેરિસ (B) વોશિંગ્ટન ડીસી (C) ન્યૂયોર્ક (D) જીનેવા **(D)**

5. ભારતમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન'ને પ્રોત્સાહન આપવા માટે ભારતીય વાયુસેના દ્વારા કુલ રૂ. 8000 કરોડની કેટલી યોજના સ્થગિત કરવામાં આવી છે ?
(A) બે (B) ત્રણ (C) પાંચ (D) સાત **(B)**

6. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં COVID-19નો સામનો કરવા માટેની વિશ્વની શ્રેષ્ઠ 10 પહેલોની યાદી જાહેર કરવામાં આવી છે...આ 10 પહેલોમાં ભારતની કઈ પહેલનો સમાવેશ થયો છે ?
(A) MUDOL (B) KUDOL (C) KHUDOL (D) KSHUDOL **(C)**

7. તાજેતરમાં ચર્ચામાં રહેલ KHUDOL પહેલ ભારતના કયા રાજ્યની COVID-19નો સામનો કરવા માટેની એક વિશેષ પહેલ છે ?
(A) મેઘાલય (B) મણિપુર (C) મિઝોરમ (D) ત્રિપુરા **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં COVID-19નો સામનો કરવા માટેની વિશ્વની શ્રેષ્ઠ 10 પહેલોની યાદી જાહેર કરવામાં આવી છે...આ 10 પહેલોમાં ભારતની કયા રાજ્યની 'KHUDOL' અથવા તો 'YA_ALL' પહેલનો સમાવેશ થયો છે ?

(A) મેઘાલય (B) મણિપુર (C) મિઝોરમ (D) ત્રિપુરા **(B)**

9. ભારતમાં સરહદ પર માળખાગત સુવિધાઓ વિકસાવવા સંબંધિત રચાયેલી કઈ સમિતિની કેટલીક ભલામણોનો કેન્દ્ર સરકારે સ્વીકાર કર્યો છે ?

(A) લેફ્ટેનન્ટ જનરલ વી. બી. શેકટકર (B) લેફ્ટેનન્ટ જનરલ ટી. બી. શેકટકર
(C) લેફ્ટેનન્ટ જનરલ ડી. બી. શેકટકર (D) લેફ્ટેનન્ટ જનરલ પી. બી. શેકટકર **(C)**

10. ભારતમાં બોર્ડર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ સંબંધિત લેફ્ટેનન્ટ જનરલ ડી. બી. શેકટકર સમિતિની મહત્ત્વની કેટલી ભલામણોનો કેન્દ્ર સરકારે સ્વીકાર કર્યો છે ?

(A) ત્રણ (B) પાંચ (C) સાત (D) દસ **(A)**

11. શ્રી શેકટકર સમિતિની ભલામણ અનુસાર ભારતમાં કેન્દ્ર સરકારે સરહદ પર માળખાગત સુવિધાઓના વિકાસ માટે કેટલા રૂપિયાથી વધુ ખર્ચવાળા તમામ કાર્યો માટે Engineering Procurement Contract (EPC) મોડ અપનાવવાનો ફરજિયાત કરવામાં આવ્યો છે ?

(A) રૂ. 50 કરોડ (B) રૂ. 100 કરોડ
(C) રૂ. 200 કરોડ (D) રૂ. 500 કરોડ **(B)**

12. શ્રી શેકટકર સમિતિની ભલામણ અનુસાર ભારતમાં કેન્દ્ર સરકારે BRO અથવા તો Border Roads Organisationની ખરીદ ક્ષમતા રૂ. 7.5 કરોડથી વધારીને કેટલી કરી દીધી છે ?

(A) રૂ. 20 કરોડ (B) રૂ. 50 કરોડ
(C) રૂ. 75 કરોડ (D) રૂ. 100 કરોડ **(D)**

13. શ્રી શેકટકર સમિતિની ભલામણ અનુસાર ભારતમાં કેન્દ્ર સરકારે BROની ખરીદ ક્ષમતા કેટલા રૂપિયાથી વધારીને રૂ. 100 કરોડ કરી દીધી છે ?

(A) રૂ. 5 કરોડ (B) રૂ. 7.5 કરોડ
(C) રૂ. 10 કરોડ (D) રૂ. 17.5 કરોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**29 MAY, 2020 FRIDAY**


➤ **દિવસ મહિમા : 29 મે, (1) આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ (International Day of United Nations Peacekeepers)**
**(2) વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ (World Digestive Health Day)**

## આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે **29** મેના રોજ **'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં શાંતિની સ્થાપના માટે શહીદ થયેલા સૈનિકોની યાદમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ **2003**થી થયો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ શાંતિ મિશનની રચના **29 મે, 1948**ના રોજ કરવામાં આવી હતી.
- આથી, આ દિવસની ઉજવણી માટે **29 મે**ની પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ **2020**ની 'આંતરરાષ્ટ્રીય સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની થીમ **'Women in Peacekeeping-A Key to Peace'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ બ્રિક્સ દેશોની ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB)ના નવા અધ્યક્ષ તરીકે શ્રી માર્કોસ ટ્રોયજોની નિમણૂક

<u>ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (New Development Bank-NDB)</u>ના નવા અધ્યક્ષ તરીકે <u>બ્રાઝિલ</u>ના <u>શ્રી માર્કોસ ટ્રોયજો</u>ની નિમણૂક કરવામાં આવી છે.

- ન્યૂ ડેવલપમેન્ટ બેન્કના નવા અધ્યક્ષ તરીકે <u>શ્રી માર્કોસ ટ્રોયજો</u> તાજેતરમાં નિવૃત્ત થઈ રહેલા <u>ભારત</u>ના <u>શ્રી કે. વી. કામથ</u>નું સ્થાન લેશે.

### NDBના નાયબ અધ્યક્ષ

ન્યૂ ડેવલપમેન્ટ બેન્કના નાયબ અધ્યક્ષ તરીકે <u>ભારત</u>ના <u>શ્રી અનિલ કિશોર</u>ની નિમણૂક કરવામાં આવી છે.

- બેન્કિંગ ક્ષેત્રના અગ્રણી શ્રી અનિલ કિશોર ભારતમાં <u>બિહાર</u>ના <u>ભોજપુર</u> જિલ્લાના રહેવાસી છે.

### NDB

<u>NDB</u> અથવા <u>New Development Bank</u> એ <u>BRICS(બ્રિક્સ)</u> દેશો દ્વારા સંચાલિત એક બહુપક્ષીય વિકાસ બેન્ક છે.

- તેનું વડું મથક <u>ચીન</u>ના <u>શાંઘાઈ</u> ખાતે આવેલું છે.
- વર્ષ <u>2013</u>માં <u>દક્ષિણ આફ્રિકા</u>ના <u>ડરબન</u>માં મળેલી BRICS દેશોની બેઠકમાં આ બેન્કની સ્થાપના અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત વર્ષ <u>2014</u>માં <u>બ્રાઝિલ</u>ના <u>ફોર્ટાલેઝા</u> ખાતે યોજાયેલા બ્રિક્સ દેશોના <u>છઠ્ઠા શિખર સંમેલન</u>માં આ બેન્કની સ્થાપના થઈ હતી.

**નોંધ :** (1) સ્થાપના સમયે આ બેન્કની પ્રારંભિક મૂડી <u>100 બિલિયન ડોલર</u> હતી.

(2) <u>BRICS</u>નું પૂરું નામ <u>Brazil, Russia, India, China</u> અને <u>South Africa</u> છે.

## ➤ NPCI દ્વારા ભારતમાં 'પાઈ' (PAi) ચેટબોટ લોન્ચ

<u>NPCI</u> એટલે કે <u>National Payments Corporation of India</u> દ્વારા ભારતમાં <u>'પાઈ' (PAi)</u> નામનું એક <u>ચેટબોટ</u> લોન્ચ કરવામાં આવ્યું છે.

- પાઈ (PAi) એ <u>Artificial Intelligence-AI (એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા)</u> આધારિત એક ચેટબોટ છે.
- ભારતમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે આ ચેટબોટ લોન્ચ કરવામાં આવ્યું છે.

- AI આધારિત આ ચેટબોટ દ્વારા ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે 24 X 7 NPCIની વિવિધ પ્રોડક્ટો અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે.
- આ ચેટબોટની મદદથી લોકોને NPCIની FASTag, RuPay, UPI Chalega વગેરે જેવી પ્રોડક્ટો વિશે માહિતી મળી રહેશે.

## NPCI

NPCIનું પૂરું નામ National Payments Corporation of India છે.

- NPCI એ ભારતમાં રિટેલ પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમના સંચાલન માટેની એક છત્ર રૂપ સંસ્થા છે.
- ભારતમાં Reserve Bank of India (RBI) અને Indian Bank's Association (IBA) દ્વારા વર્ષ 2008માં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક મહારાષ્ટ્રના મુંબઈ ખાતે આવેલું છે.

**નોંધ :** NPCIની મુખ્ય પ્રોડક્ટમાં BHIM App, RuPay, UPI, Bharat Bill Payment System (BBPS), Aadhaar Enabled Payment System (AEPS) વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


## ➤ ઓડિશામાં કરાર આધારિત કૃષિ (Contract Farming)ને મંજૂરી



ભારતમાં ઓડિશા સરકાર દ્વારા તાજેતરમાં કરાર આધારિત કૃષિ (Contract Farming)ને મંજૂરી આપવામાં આવી છે.

- ભારતમાં COVID-19ને કારણે સર્જાયેલી આર્થિક સંકળામણની સ્થિતિમાં ખેડૂતોને રાહત આપવા માટે ઓડિશા સરકારે આ નિર્ણય કર્યો છે.
- ઓડિશા સરકારના આ નિર્ણયથી ઓડિશામાં હવે ખેડૂતો તથા રોકાણકારો કરાર આધારિત ખેતી કરી શકશે.
- જેનાથી ખેડૂતોને પોતાની કૃષિ નીપજ માટે લોન અથવા તો એડવાન્સ રકમ મળી રહેશે. તેમજ તેમને તેમની કૃષિ નીપજના પૂરતા ભાવ પણ મળી રહેશે.

## ➤ ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ લેખક અને વ્યંગકાર શ્રી મુજતબા હુસેનનું નિધન



ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ લેખક અને વ્યંગકાર શ્રી મુજતબા હુસેનનું 27 મે 2020ના રોજ તેલંગાણાના હૈદરાબાદ ખાતે 83 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 15 જુલાઈ 1936ના રોજ વર્તમાન તેલંગાણાના હૈદરાબાદમાં થયો હતો.
- શ્રી મુજતબા હુસેન ઉર્દૂ સમાચાર પત્રોમાં તેમના વ્યંગ્યાત્મક લેખો માટે ખૂબ જ પ્રસિદ્ધ હતા.
- તેમણે 'સિયાસત' અને 'શીશા-ઓ-તિશા' જેવા ઉર્દૂ ન્યૂઝ પેપરમાં કામ કર્યું હતું.
- તેઓ NCERTના ઉર્દૂ વિભાગમાં સંપાદક પણ રહયા હતા.
- તેમણે હિન્દી ભાષામાં ત્રણ પુસ્તકો પણ લખ્યા હતા.
- હિન્દી ભાષાના તેમના ત્રણ પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે :

  (1) જાપાન ચલો

  (2) કિસ્સા આરામકુર્સી કા

  (3) સ્વિસ બેન્ક મેં ખાતા હમારા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### એવોર્ડ

શ્રી મુજતબા હુસેનને ઉર્દૂ સાહિત્યમાં તેમના શ્રેષ્ઠ પ્રદાન બદલ ભારત સરકારે વર્ષ 2007માં પદ્મ શ્રી પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

- શ્રી મુજતબા હુસેન પદ્મ શ્રી પુરસ્કાર વિજેતા પ્રથમ ઉર્દૂ વ્યંગકાર છે.
- આ ઉપરાંત તેમને 'ગાલિબ એવોર્ડ' અને ઉર્દૂ અકાદમી દિલ્હી દ્વારા 1986માં તેના સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**નોંધ :** NCERTનું પૂરું નામ National Council of Educational Research and Training છે.

ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય સંયુકત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? (A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે | (D) |
| 2. | વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય સંયુકત રાષ્ટ્ર શાંતિરક્ષક દિવસ'ની થીમ શું છે ? (A) Man in Peacekeeping - A Key to Peace (B) Youth in Peacekeeping - A Key to Peace (C) Women in Peacekeeping - A Key to Peace (D) Soldier in Peacekeeping - A Key to Peace | (C) |
| 3. | 'વિશ્વ પાચન સ્વાસ્થ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? (A) 26 મે (B) 27 મે (C) 28 મે (D) 29 મે | (D) |
| 4. | બ્રિકસ દેશોની ન્યૂ ડેવલપમેન્ટ બેન્કના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? (A) શ્રી માર્કોસ કોબે (B) શ્રી ટ્રેડોસ કાર્લો (C) શ્રી માર્કોસ ટ્રોયજો (D) શ્રી માર્કોસ એટલેનો | (C) |
| 5. | ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB)ના નવા અધ્યક્ષ તરીકે તાજેતરમાં શ્રી માર્કોસ પ્રેડો ટ્રોયજોની નિમણૂક કરવામાં આવી છે....તેમના દેશનું નામ શું છે ? (A) રશિયા (B) સાઉથ આફ્રિકા (C) બ્રાઝિલ (D) ફ્રાન્સ | (C) |
| 6. | બ્રાઝિલના શ્રી માર્કોસ ટ્રોયજોની કોના સ્થાને ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB)ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે ? (A) શ્રી એમ. નટરાજન (B) શ્રી આર. કે. નહેરા (C) શ્રી એમ. ભટનાગર (D) શ્રી કે. વી. કામથ | (D) |
| 7. | ન્યૂ ડેવલપમેન્ટ બેન્ક (NDB)ના નાયબ અધ્યક્ષ તરીકે તાજેતરમાં કયા ભારતીયની નિમણૂક કરવામાં આવી છે ? (A) શ્રી અનિલ કિશોર (B) શ્રી મયંક અગ્રવાલ (C) શ્રી વિપુલ શર્મા (D) શ્રી મહેશ પંડયા | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. NPCI અથવા તો નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત કયું ચેટબોટ લોન્ચ કરવામાં આવ્યું છે ?

(A) આઈ (B) પાઈ (C) એઈ (D) વાઈ **(B)**

9. ભારતમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે કઈ સંસ્થા દ્વારા 'પાઈ' (PAi) નામનું એક ચેટબોટ લોન્ચ કરવામાં આવ્યું છે ?

(A) SBI (B) ICICI (C) NCPI (D) NPCI **(D)**

10. ભારતના કયા રાજ્યમાં મે 2020 દરમિયાન કરાર આધારિત ખેતી અથવા તો Contract Farmingની મંજૂરી આપવામાં આવી છે ?

(A) આંધ્રપ્રદેશ (B) પશ્ચિમ બંગાળ (C) તમિલનાડુ (D) ઓડિશા **(D)**

11. શ્રી મુજતબા હુસેનનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

(A) સાહિત્ય (B) સંગીત (C) અર્થશાસ્ત્ર (D) રાજનીતિ **(A)**

12. ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ લેખક અને વ્યંગકાર શ્રી મુજતબા હુસેનનું તાજેતરમાં નિધન થયું છે... તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) કર્ણાટક (B) તેલંગાણા (C) કેરળ (D) તમિલનાડુ **(B)**

13. ભારતના પ્રસિદ્ધ ઉર્દૂ લેખક અને વ્યંગકાર શ્રી મુજતબા હુસેન નીચેનામાંથી કયો પદ્મ પુરસ્કાર વિજેતા પ્રથમ ઉર્દૂ વ્યંગકાર હતા ?

(A) પદ્મ શ્રી (B) પદ્મ ભૂષણ

(C) પદ્મ વિભૂષણ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

30 MAY, 2020 SATURDAY

## ➤ નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર ઘટીને 4.2 ટકા નોંધાયો

29 મે 2020ના રોજ National Statistical Office (NSO) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર (અથવા તો આર્થિક વૃદ્ધિ દર) ઘટીને 4.2 ટકા નોંધાયો છે.

- જે ભારતમાં છેલ્લા 11 વર્ષમાં નોંધાયેલો સૌથી નીચો GDP વૃદ્ધિ દર છે.
- આ અગાઉ નાણાકીય વર્ષ 2018-19માં ભારતનો GDP વૃદ્ધિ દર 6.1 ટકા રહયો હતો.
- આથી, નાણાકીય વર્ષ 2018-19ની તુલનાએ 2019-20માં ભારતના GDP વૃદ્ધિ દરમાં 1.9 ટકાનો ઘટાડો થયો છે.
- NSO દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2019-20ના જાન્યુઆરીથી માર્ચ 2020 સુધીના ચોથા ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર ઘટીને 3.1 ટકા રહયો છે.
- આથી, ભારતમાં સમગ્ર વર્ષના ગ્રોથ રેટમાં ઘટાડો જોવા મળ્યો છે.

**નાણાકીય વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર**

| ક્રમ | ત્રિમાસિક ગાળો | સમય | GDP વૃદ્ધિ દર (ટકામાં) |
|---|---|---|---|
| 1 | પ્રથમ | એપ્રિલથી જૂન 2019 | 5.2 |
| 2 | બીજો | જુલાઈથી સપ્ટેમ્બર 2019 | 4.4 |
| 3 | ત્રીજો | ઓક્ટોબરથી ડિસેમ્બર 2019 | 4.1 |
| 4 | ચોથો | જાન્યુઆરીથી માર્ચ 2020 | 3.1 |
| | | કુલ | 4.2 |

નોંધ : (1) ભારતમાં GDP વૃદ્ધિ દરમાં ઘટાડા માટેના મુખ્ય કારણોમાં વૈશ્વિક આર્થિક મંદી ઉપરાંત નાણાકીય વર્ષ 2019-20ના ચોથા અને અંતિમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં મેન્યુફેકચરિંગ અને કન્સ્ટ્રકશન ક્ષેત્રમાં જોવા મળેલા ઘટાડાનો સમાવેશ થાય છે.

(2) નાણાકીય વર્ષ 2019-20ના ચોથા અને અંતિમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં મેન્યુફેકચરિંગ સેકટરનો વૃદ્ધિ દર માઈનસ (-) 1.4 ટકા અને કન્સ્ટ્રકશન ક્ષેત્રનો વૃદ્ધિ દર ઘટીને માઈનસ (-) 2.2 ટકા નોંધાયો હતો.

(3) આ ઉપરાંત નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતના અન્ય તમામ સેકટરનું પ્રદર્શન પણ ખૂબ જ ધીમું રહયું હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➢ છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી શ્રી અજીત જોગીનું 74 વર્ષની વયે નિધન



ભારતના **છત્તીસગઢ**ના **પ્રથમ મુખ્યમંત્રી** અને **જનતા કોંગ્રેસ છત્તીસગઢ**ના અધ્યક્ષ **શ્રી અજીત જોગીનું** 29 મે 2020ના રોજ **છત્તીસગઢ**ના **રાયપુર** ખાતે 74 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 29 એપ્રિલ 1946ના રોજ ભારતના વર્તમાન **છત્તીસગઢ**ના **બિલાસપુર** ખાતે થયો હતો.
- તેમનું પૂરું નામ **શ્રી અજીત પ્રમોદ કુમાર જોગી** હતું.
- શ્રી અજીત જોગી **IAS અને IPS** ઓફિસર હતા.
- રાજનીતિમાં જોડાયા અગાઉ તેઓ **મધ્યપ્રદેશ**ના વિવિધ જિલ્લાઓમાં 12 વર્ષ સુધી કલેકટર રહયા હતા.
- તેમણે સૌપ્રથમ વખત **1998**માં **મધ્યપ્રદેશ**ની **રાયગઢ લોકસભા** બેઠક પરથી ચૂંટણી લડી હતી અને તેઓ સંસદ સભ્ય બન્યા હતા.
- વર્ષ **2000**માં નવા છત્તીસગઢ રાજ્યની રચના બાદ **9 નવેમ્બર 2000થી 6 ડિસેમ્બર 2003** દરમિયાન તેઓ **છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી** રહયા હતા.
- શ્રી અજીત જોગી જ્યારે છત્તીસગઢના મુખ્ય મંત્રી બન્યા ત્યારે તેઓ **કોંગ્રેસ** પક્ષના નેતા હતા.
- ત્યારબાદ તેમણે **2016**માં છત્તીસગઢમાં **'જનતા કોંગ્રેસ છત્તીસગઢ'** નામના નવા પક્ષની રચના કરી હતી.
- નિધન સમયે તેઓ **'જનતા કોંગ્રેસ છત્તીસગઢ'** નામના આ પક્ષના અધ્યક્ષ હતા.

**નોંધ :** (1) **20 એપ્રિલ 2004**ના રોજ ચૂંટણી પ્રચાર દરમિયાન થયેલા એક અકસ્માતમાં શ્રી અજીત જોગીનો કમરથી નીચેનો ભાગ નિષ્ક્રિય થઈ ગયો હતો. આથી, ત્યારથી તેઓ વ્હિલ ચેર પર જ હતા.

(2) નિધન સમયે શ્રી અજીત જોગી છત્તીસગઢની **મારવાહી** વિધાનસભા બેઠક પરથી **ધારાસભ્ય** હતા.

(3) તેઓ **મધ્યપ્રદેશ**માંથી રાજ્યસભાના સભ્ય પણ રહયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)માં 13 ટકાનો વધારો

DPIIT એટલે કે ભારત સરકારના Department for Promotion of Industry and Internal Trade દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આંકડા અનુસાર ભારતમાં નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન પ્રત્યક્ષ વિદેશી રોકાણ અથવા તો Foreign Direct Investment (FDI)માં 13 ટકાનો વધારો થયો છે.

- નાણાકીય વર્ષ 2018-19માં ભારતમાં 44.36 બિલિયન ડોલરનું પ્રત્યક્ષ વિદેશી મૂડી રોકાણ થયું હતું.
- જે વર્ષ 2019-20માં વધીને 49.97 બિલિયન ડોલર થઈ ગયું છે.

### વિવિધ દેશો દ્વારા ભારતમાં વિદેશી રોકાણ

નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ સિંગાપોર દ્વારા 14.67 બિલિયન ડોલરનું થયું હતું.

- સિંગાપોર બાદ મોરેશિયસ બીજા, નેધરલેન્ડ ત્રીજા અને અમેરિકા ચોથા ક્રમે છે.

ICE COMPETITIVE EXAMS

**વર્ષ 2019-20માં ભારતમાં સૌથી વધુ FDI**

| ક્રમ | દેશ | FDI (બિલિયન ડોલરમાં) |
|---|---|---|
| 1 | સિંગાપોર | 14.67 |
| 2 | મોરેશિયસ | 8.24 |
| 3 | નેધરલેન્ડ | 6.50 |
| 4 | અમેરિકા | 4.22 |
| 5 | કેમેન દ્વીપ | 3.70 |
| 6 | જાપાન | 3.22 |
| 7 | ફ્રાન્સ | 1.89 |

**નોંધ :** આ અગાઉ નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન સિંગાપોર દ્વારા ભારતમાં 16.22 બિલિયન ડોલરનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ થયું હતું. તેની તુલનાએ વર્ષ 2019-20 દરમિયાન સિંગાપોર દ્વારા ભારતમાં 1.55 બિલિયન ડોલર જેટલું ઓછું રોકાણ થયું છે.

## ભારતમાં વિવિધ સેકટરમાં FDI

નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન **ભારત**માં સૌથી વધુ **સેવા ક્ષેત્ર**માં **7.85 બિલિયન ડોલરનું** FDI થયું છે.

- **સેવા ક્ષેત્ર** બાદ **કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર બીજા** તથા **વ્યાપાર ત્રીજા** ક્રમે છે.

**ભારતમાં વિવિધ સેકટરમાં સૌથી વધુ FDI**

| ક્રમ | સેકટર | FDI (બિલિયન ડોલરમાં) |
|---|---|---|
| 1 | સેવા | 7.85 |
| 2 | કોમ્પ્યુટર સોફટવેર અને હાર્ડવેર | 7.67 |
| 3 | વ્યાપાર | 4.57 |
| 4 | ટેલિકોમ | 4.44 |
| 5 | ઓટોમોબાઈલ | 2.82 |
| 6 | કન્સ્ટ્રકશન | 2.00 |
| 7 | રસાયણ | 1.00 |

નોંધ : (1) ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણને બે **અલગ અલગ માર્ગ અથવા તો રૂટથી** મંજૂરી આપવામાં આવે છે : **1. ઓટોમેટિક રૂટ અને 2. સરકારી રૂટ.**

(2) જેમાંથી **સરકારી રૂટ**થી મૂડી રોકાણ માટે ભારત સરકારની મંજૂરી મેળવવી જરૂરી છે.

(3) ભારતના વ્યૂહાત્મક ક્ષેત્રોમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ **સરકારી રૂટ**થી જ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITI...

## ➤ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ ગુજરાતમાં થયું

**DPIIT** એટલે કે **Department for Promotion of Industry and Internal Trade** દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આંકડા અનુસાર 1 એપ્રિલ 2019થી 31 માર્ચ 2020 સુધીના સમગ્ર નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન **ગુજરાત**માં **રૂ. 42,976 કરોડનું** પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) થયું છે.

- જે ભારતના રાજ્યોમાં **સૌથી વધુ** છે.
- **ગુજરાત** બાદ ભારતમાં **બીજા નંબરે** સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ **કર્ણાટક**માં થયું છે.

## ગુજરાતમાં FDIમાં ઐતિહાસિક 240 ટકાનો વધારો

નાણાકીય વર્ષ **2018-19**માં **ગુજરાત**માં **રૂ. 12,618 કરોડ**નું પ્રત્યક્ષ વિદેશી રોકાણ **(FDI)** થયું હતું.

- જે વર્ષ **2019-20**માં વધીને **રૂ. 42,976 કરોડ** થઈ ગયું છે.
- આમ, વર્ષ **2018-19**ની તુલનાએ **2019-20**માં **ગુજરાત**માં પ્રત્યક્ષ વિદેશી રોકાણ **(FDI)**માં રેકોર્ડ **240 ટકા**નો વધારો થયો છે.
- જે સમગ્ર દેશમાં **સૌથી વધુ** છે.
- નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન **ભારત**માં FDIમાં **13 ટકા**નો વધારો થયો છે. **કર્ણાટક**માં **34 ટકા**નો અને **દિલ્હી**માં **11 ટકા**નો વધારો થયો છે.
- તેની સામે ગુજરાતમાં વર્ષ **2019-20** દરમિયાન FDIમાં **240 ટકા**નો વધારો થયો છે.
- જ્યારે વર્ષ **2019-20** દરમિયાન ભારતમાં **મહારાષ્ટ્ર**માં **FDI** ઘટીને **માઈનસ 3 ટકા** અને **તમિલનાડુ**માં ઘટીને **માઈનસ 8 ટકા** થઈ ગયું છે.

**વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં FDIમાં વધારો**

| દેશ / રાજ્ય | FDIમાં વધારો |
|---|---|
| ગુજરાત | 240 % |
| કર્ણાટક | 34 % |
| ભારત | 13 % |
| દિલ્હી | 11 % |

**નોંધ :** (1) નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન **ગુજરાત**માં થયેલું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) વર્ષ **2018-19**માં ગુજરાતમાં થયેલા FDI કરતા **3.4 ગણુ વધારે** છે.

(2) ગુજરાત સરકારની પ્રોત્સાહક નીતિઓને કારણે ગુજરાતમાં FDIમાં આ વધારો જોવા મળ્યો છે.

(3) આ ઉપરાંત ભારતમાં થયેલા **IEM (ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ)**માં મોટા ક્ષેત્રોમાં રોકાણમાં **51 ટકા** ફાળો એકલા **ગુજરાત**નો છે.

(4) **એપ્રિલથી સપ્ટેમ્બર 2019** સુધીમાં **262** વિદેશી કંપનીઓએ **ગુજરાત**માં પોતાના ઓપરેશન્સ શરૂ કર્યા છે.

## ICE Questions

1. નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર અથવા તો આર્થિક વૃદ્ધિ દર કેટલા ટકા નોંધાયો છે ?
(A) 4.1 (B) 4.2 (C) 4.3 (D) 4.4 **(B)**

2. નાણાકીય વર્ષ 2019-20ના જાન્યુઆરીથી માર્ચ 2020 સુધીના ચોથા ત્રિમાસિક ગાળામાં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા નોંધાયો છે ?
(A) 3.1 (B) 3.2 (C) 3.4 (D) 4.1 **(A)**

3. નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા હતો ?
(A) 5.8 (B) 6.1 (C) 6.2 (D) 6.4 **(B)**

4. 29 મે 2020ના રોજ ભારતના કયા રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી શ્રી અજીત જોગીનું નિધન થયું છે ?
(A) ઝારખંડ (B) ઉત્તરાખંડ (C) છત્તીસગઢ (D) ઓડિશા **(C)**

5. છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી શ્રી અજીત જોગીનું તાજેતરમાં નિધન થયું છે... તેઓ છત્તીસગઢના મુખ્યમંત્રી ક્યારે બન્યા હતા ?
(A) નવેમ્બર 1999 (B) નવેમ્બર 2000
(C) નવેમ્બર 2001 (D) નવેમ્બર 2002 **(B)**

6. છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી શ્રી અજીત જોગીનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ જ્યારે છત્તીસગઢના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેઓ કયા પક્ષના નેતા હતા ?
(A) કોંગ્રેસ (B) ભાજપ (C) જનતા પક્ષ (D) સમતા પાર્ટી **(A)**

7. છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી શ્રી અજીત જોગીનું તાજેતરમાં નિધન થયું છે....
શ્રી અજીત જોગીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. તેઓ IAS અને IPS અધિકારી હતા.
2. તેમણે છત્તીસગઢમાં ‘જનતા કોંગ્રેસ છત્તીસગઢ’ નામના નવા પક્ષની સ્થાપના કરી હતી.
3. નિધન સમયે તેઓ છત્તીસગઢની રાયપુર લોકસભા બેઠક પરથી સાંસદ હતા.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(B)**

8. DPIIT દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા આંકડા અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ(FDI)માં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 11 (B) 13 (C) 15 (D) 19 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

9. DPIIT દ્વારા પ્રસિદ્ધ થયેલી માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) કેટલું રહયું છે ?
(A) 44.36 બિલિયન ડોલર (અથવા તો અબજ ડોલર)
(B) 46.48 બિલિયન ડોલર (અથવા તો અબજ ડોલર)
(C) 48.46 બિલિયન ડોલર (અથવા તો અબજ ડોલર)
(D) 49.97 બિલિયન ડોલર (અથવા તો અબજ ડોલર) (D)

10. નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં કયા દેશ દ્વારા સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) થયું છે ?
(A) મલેશિયા (B) ઈન્ડોનેશિયા (C) મોરેશિયસ (D) સિંગાપોર (D)

11. નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં ક્રમશઃ કયા ચાર દેશો દ્વારા સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) થયું છે ?
(A) સિંગાપોર, મોરેશિયસ, અમેરિકા, કેમેન દ્વીપ
(B) સિંગાપોર, મોરેશિયસ, અમેરિકા, જાપાન
(C) સિંગાપોર, મોરેશિયસ, અમેરિકા, નેધરલેન્ડ
(D) સિંગાપોર, મોરેશિયસ, નેધરલેન્ડ, અમેરિકા (D)

12. નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં કયા સેકટરમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ થયું છે ?
(A) ટેલિકોમ (B) વ્યાપાર (C) સેવા (D) કન્સ્ટ્રક્શન (C)

13. DPIIT દ્વારા પ્રસિદ્ધ થયેલી માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) થયું છે ?
(A) ગુજરાત (B) કર્ણાટક (C) મહારાષ્ટ્ર (D) તમિલનાડુ (A)

14. DPIIT દ્વારા પ્રસિદ્ધ થયેલી માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ગુજરાતમાં કેટલા રૂપિયાનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) થયું છે ?
(A) રૂ. 12,618 કરોડ (B) રૂ. 24,632 કરોડ
(C) રૂ. 34,213 કરોડ (D) રૂ. 42,976 કરોડ (D)

15. વર્ષ 2019-20 દરમિયાન ગુજરાતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)માં કેટલા ટકાનો વધારો થયો છે ?
(A) 34 ટકા (B) 134 ટકા (C) 180 ટકા (D) 240 ટકા (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

## ICE ? Questions

**16.** ગુજરાતમાં થયેલા પ્રત્યક્ષ વિદેશી રોકાણના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?

1. વર્ષ 2018-19માં ગુજરાતમાં રૂ. 12,618 કરોડનું FDI થયું હતું.
2. વર્ષ 2019-20માં ગુજરાતમાં રૂ. 42,976 કરોડનું FDI થયું હતું.

(A) 1 અને 2 (B) ફક્ત–1

(C) ફક્ત–2 (D) બેમાંથી એક પણ નહીં **(A)**

**17.** ભારતમાં થયેલા ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર્સ મેમોરેન્ડમ (IEM)માં મોટા ક્ષેત્રોમાં રોકાણમાં ભારતમાં સૌથી વધુ 51 ટકા ફાળો કયા એક રાજ્યનો છે ?

(A) ગુજરાત (B) કર્ણાટક (C) મહારાષ્ટ્ર (D) કેરળ **(A)**



# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાત સરકારની 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના'માં બે ફેરફારો કરાયા

ગુજરાતમાં નાના કારીગરો, વ્યવસાયિકો, દુકાનદારોને માત્ર 2 ટકા વ્યાજદરે રૂ. 1 લાખ સુધીની લોન ઉપલબ્ધ કરાવવા ગુજરાત સરકારે 'આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના' લોન્ચ કરી છે. આ યોજનાના નિયમોમાં બે મોટા ફેરફારો કરવામાં આવ્યા છેઃ (1) જો લાભાર્થી લોનનો હપ્તો ન ભરે તો પણ ગુજરાત સરકાર ધિરાણકર્તા એજન્સીને 6 ટકા લેખે વ્યાજ સબસિડી ચૂકવશે. અને (2) હવે આ યોજનામાં સહકારી મંડળી કે સહકારી બેન્ક લાભાર્થી પાસેથી નોમિનલ સભાસદ ફી વસૂલી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

### ➤ COVID-19 પરીક્ષણ માટે કેન્દ્ર સરકારે ખરીદેલું પ્રથમ મશીન 'COBAS 6800 Testing Machine'

ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. હર્ષવર્ધને મે 2020 દરમિયાન COBAS 6800 Testing Machine દેશને સમર્પિત કર્યું છે. ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલા 'રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર' (National Centre for Disease Control)માં આ મશીન રાખવામાં આવ્યું છે. ભારતમાં COVID-19 પરીક્ષણ માટે કેન્દ્ર સરકારે ખરીદેલું અને રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્રમાં રાખવામાં આવેલું આ પ્રથમ મશીન છે. આ મશીનથી 24 કલાકમાં આશરે 1200 જેટલા સેમ્પલનું સચોટ પરીક્ષણ થઈ શકે છે.

## વિશ્વ

### ➤ ઓસ્ટ્રેલિયામાં ઈન્ટરનેટની સ્પીડનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો

તાજેતરમાં **ઓસ્ટ્રેલિયા**માં સંશોધકોએ **44.2 Tbps**ની એટલે કે **પ્રતિ સેકન્ડ 44.2 ટેરાબિટ્સ**ની ઈન્ટરનેટ સ્પીડ મેળવી હતી. જે સમગ્ર વિશ્વમાં અત્યાર સુધી નોંધાયેલી **સૌથી વધુ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સ્પીડ** છે. આ સ્પીડ ઓસ્ટ્રેલિયાની એવરેજ સ્પીડ કરતાં **40 લાખ ગણી વધારે** છે. સમગ્ર વિશ્વમાં હાલ **Mbps (Megabytes Per Second)**થી ઈન્ટરનેટની સ્પીડ જોવા મળે છે. તેના સ્થાને જો ઈન્ટરનેટની સ્પીડ **1 Tbps**ની હોય તો પણ **1 સેકન્ડ**માં **1000** જેટલી HD ફિલ્મો ડાઉનલોડ કરી શકાય છે. જ્યારે **44.2 Tbps**ની સ્પીડથી **1 સેકન્ડ**માં **44,200 GB** ડેટા ડાઉનલોડ કરી શકાય છે. **ઓસ્ટ્રેલિયા**માં **મોનાશ, સ્વિનબર્ન અને RMIT યુનિવર્સિટીઓ**ના સંશોધકોની એક ટીમે આ વિક્રમ સર્જક 42.2 Tbpsની સ્પીડ મેળવી હતી. **Tbpsનું પૂરું નામ TeraBits Per Second** અથવા તો **TeraBytes Per Second** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ કોલકાતામાં જન્મેલા બાંગ્લાદેશના પ્રસિદ્ધ સાહિત્યકાર પ્રોફેસર અનિસુઝ્ઝમનનું નિધન

બાંગ્લાદેશના પ્રસિદ્ધ **સાહિત્યકાર અને ચળવળકાર પ્રોફેસર અનિસુઝ્ઝમનનું** મે 2020 દરમિયાન **બાંગ્લાદેશ**ના **ઢાકા** ખાતે નિધન થયું છે. 18 ફેબ્રુઆરી 1937ના રોજ **ભારત**ના **કોલકાતા** ખાતે તેમનો જન્મ થયો હતો. બાંગ્લા સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રે વિશિષ્ટ યોગદાનને કારણે ભારત સરકારે વર્ષ **2014**માં તેમને **પદ્મભૂષણ** પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. જ્યારે સાહિત્યમાં યોગદાન માટે **બાંગ્લાદેશ** સરકારે તેમને વર્ષ **2015**માં બાંગ્લાદેશના સર્વોચ્ચ નાગરિક સન્માન **'સ્વાધીનતા પુરસ્કાર'**થી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત વર્ષ **2018**માં બાંગ્લાદેશ સરકારે તેમનો **'રાષ્ટ્રીય પ્રોફેસર'** તરીકે સમાવેશ કર્યો હતો.

## ICE ? Questions

- ગુજરાત સરકારની ‘આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના’માં કરવામાં આવેલા ફેરફાર અનુસાર જો લાભાર્થી લોનનો હપ્તો ન ભરે તો પણ ગુજરાત સરકાર ધિરાણકર્તા એજન્સીને કેટલા ટકા લેખે વ્યાજ સબસિડી ચૂકવશે ? – 6 ટકા
- ભારતમાં COVID-19 પરીક્ષણ માટે કેન્દ્ર સરકારે ખરીદેલું અને ‘રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર’ નવી દિલ્હી ખાતે રાખવામાં આવેલું પ્રથમ મશીન કયું છે ? – COBAS 6800 Testing Machine
- તાજેતરમાં વિશ્વના કયા દેશમાં 44.2 Tbpsની ઈન્ટરનેટ સ્પીડનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો છે ? – ઓસ્ટ્રેલિયા
- ઓસ્ટ્રેલિયામાં કેટલા Tbpsની સૌથી વધુ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સ્પીડનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો છે ? – 44.2 Tbps
- Tbpsનું પૂરું નામ શું છે ? – TeraBits Per Second અથવા TeraBytes Per Second
- તાજેતરમાં શ્રી અનિસુઝઝમનનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – સાહિત્ય અને શિક્ષણ
- બાંગ્લાદેશના પ્રસિદ્ધ સાહિત્યકાર અને ચળવળકાર પ્રોફેસર અનિસુઝઝમનનું મે 2020 દરમિયાન નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ? – કોલકાતા
- બાંગ્લાદેશના ‘રાષ્ટ્રીય પ્રોફેસર’ અનિસુઝઝમનનું નિધન થયું છે... ભારત સરકારે તેમને કયા પદ્મ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા ? – પદ્મ ભૂષણ

ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી
દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે
ICE DAILY doseના Questions
ડાઉનલોડ કરવા અહીં ક્લિક કરો




Click Here To
DOWNLOAD

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. મે 2020 દરમિયાન ભારતમાં મુંબઈથી પરપ્રાંતિય શ્રમિકોને લઈને ઉત્તરપ્રદેશના ગોરખપુર જઈ રહેલી ટ્રેન ભૂલથી કયાં પહોંચી જતાં વિવાદ સર્જાયો હતો ? – રાઉરકેલા, ઓડિશા
2. H-1B વિઝામાં કયા યુવાનોને પ્રાથમિકતા આપતું બિલ અમેરિકાની સંસદમાં રજૂ થયું છે ? – અમેરિકામાં ભણેલા વિદેશી યુવાનોને

   (આ બિલથી અમેરિકામાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓને ફાયદો થશે. અમેરિકામાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં ચીન પછી ભારત બીજા ક્રમે છે. H-1B વિઝા એ અમેરિકાના એક નોન ઈમિગ્રન્ટ વિઝા છે. આ વિઝા દ્વારા અમેરિકન કંપનીઓને કેટલાક ચોક્કસ વ્યવસાયોમાં વિદેશી કર્મચારીઓને નોકરી પર રાખવાની છૂટ મળે છે.)
3. ચીનના નવા કયા બિલના વિરોધમાં મે 2020 દરમિયાન હોંગકોંગમાં હજારો લોકો રસ્તા પર આવી ગયા હતા ? – નેશનલ સિક્યુરિટી બિલ
4. હોંગકોંગ એ ચીનનો વિશેષ વહીવટી વિસ્તાર છે..... બ્રિટન દ્વારા ચીનને આ વિસ્તાર ક્યારે સોંપવામાં આવ્યો હતો ? – 1 જુલાઈ, 1997
5. તાજેતરમાં કયા દેશના ખગોળશાસ્ત્રીઓએ નવા ગ્રહના જન્મની અદ્દભૂત પ્રક્રિયા નિહાળી હોવાનો દાવો કર્યો છે ? – ફ્રાન્સ

   (કોઈ ખગોળ વિજ્ઞાનીને જોવામાં સફળતા મળી હોય એવી ખગોળશાસ્ત્રના ઈતિહાસની આ પ્રથમ ઘટના હતી એવું કહેવાય છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ભારતમાં JEE Main તથા NEET 2020 માટે વિદ્યાર્થીઓ મોકટેસ્ટ આપી શકે તે માટે કેન્દ્ર સરકારે કઈ મોબાઈલ એપ લોન્ચ કરી છે ?

– નેશનલ ટેસ્ટ અભ્યાસ (National Test Abhyas)

(આ એપ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા વિકસાવવામાં આવી છે. અને કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક' દ્વારા તેને લોન્ચ કરવામાં આવી છે.)

7. ભારતમાં FASTag વગરના વાહનો FASTag Laneમાં પ્રવેશે તો તેમની પાસેથી કેટલો ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે ? – ડબલ

8. ભારતમાં હવે Invalid અને Non-Functional FASTag ધરાવતા જો કોઈ વાહનો FASTag Laneમાં પ્રવેશ કરશે તો તેમની પાસેથી કેટલો ટોલ ટેક્સ વસૂલવામાં આવશે ?

– ડબલ

[ભારતમાં કેન્દ્ર સરકારે National Highways Fee (Detemination of Rates and Collection) Rules, 2008માં સંશોધન કરીને તાજેતરમાં આ નવો નિયમ લાગુ કર્યો છે.]

9. ઓપરેશન સમુદ્ર સેતુના બીજા ચરણમાં મે 2020 દરમિયાન INS જલાશ્વ નામના જહાજની મદદથી કયા દેશમાંથી 588 ભારતીય નાગરિકોને ભારત પરત લાવવામાં આવ્યા છે ?

– માલદીવ

(આ અગાઉ 'ઓપરેશન સમુદ્ર સેતુ'ના પ્રથમ ચરણમાં INS જલાશ્વ અને INS મગર નામના જહાજોની મદદથી આશરે 800 થી 1000 જેટલા ભારતીય નાગરિકોને માલદીવથી અથવા તો માલદીવના માલેથી ભારત પરત લાવવામાં આવ્યા હતા.)

10. ભારતના કયા રાજ્યમાં ખેડૂતો દ્વારા કૃષિ પ્રોડક્ટ પર રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલી ખેડૂત કલ્યાણ ફીનો વિરોધ કરવામાં આવ્યો છે ? – રાજસ્થાન

(રાજસ્થાનમાં કૃષિ પ્રોડક્ટ પર રાજ્ય સરકારે 2 ટકા ખેડૂત કલ્યાણ ફી લાદી છે...જેનો વિરોધ થયો છે.)

11. પ્રવાસી શ્રમિકો માટે ભારતના કયા રાજ્યમાં 'પ્રવાસી રાહત મિત્ર' નામની એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ

12. ભારતમાં કયા પ્રોગ્રામ અંતર્ગત અત્યાર સુધીમાં 1.2 મિલિયનથી વધુ સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે ? – Smart Meter National Programme (SMNP)

('સ્માર્ટ મીટર રાષ્ટ્રીય કાર્યક્રમ' અંતર્ગત સમગ્ર દેશમાં 25 કરોડ જેટલા પરંપરાગત મીટરોની જગ્યાએ સ્માર્ટ મીટર લગાવવામાં આવશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. તાજેતરમાં ભારતના કયા એરપોર્ટની 'વર્લ્ડ એરપોર્ટ એવોર્ડ'માં ભારત અને મધ્ય એશિયાના સૌથી શ્રેષ્ઠ પ્રાદેશિક એરપોર્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે ?

– કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ, બેંગાલુરુ

(કર્ણાટકના બેંગાલુરુ ખાતે આવેલા કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટને છેલ્લા ચાર વર્ષમાં ત્રણ વખત આ એવોર્ડ એનાયત થયો છે.)

14. તાજેતરમાં કયા બે દેશ વચ્ચે 'ડાયમર ભાષા ડેમ' પ્રોજેક્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ?

– પાકિસ્તાન અને ચીન

(પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના કોહિસ્તાન અને ભારતના ગિલગિટ–બાલ્ટિસ્તાનના ડાયમર જિલ્લા વચ્ચે સિંધુ નદી પર આ બંધનું નિર્માણ થશે.)

15. COVID-19 મહામારી દરમિયાન 'સોશિયલ ડિસ્ટન્સિંગ' જેવા ઉપાયો ન અપનાવનાર યુરોપનો એકમાત્ર દેશ કયો છે ? – બેલારુસ

16. ભારતના કયા રાજ્યમાં યુવાનોને રોજગાર ઉપલબ્ધ કરાવવા માટે 'હોપ' (HOPE) નામનું એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ? – ઉત્તરાખંડ

(HOPEનું પૂરું નામ Helping Out People Everywhere છે.)

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. ભારતની કઈ સંસ્થામાં ઈ ગવર્નન્સ પ્લેટફોર્મ 'સમર્થ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

– નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી, કુરુક્ષેત્ર

18. તાજેતરમાં વર્લ્ડ બેન્ક, ભારત સરકાર અને ભારતના કયા રાજ્યની સરકાર વચ્ચે 'દામોદર ઘાટી કમાન ક્ષેત્ર'માં સિંચાઈ માટે 145 મિલિયન ડોલરની લોન સમજૂતી પર હસ્તાક્ષર થયા છે ? – પશ્ચિમ બંગાળ

19. ભારતીય સેના દ્વારા ભારતના સામાન્ય નાગરિકોને ત્રણ વર્ષ માટે સેનામાં શામેલ કરવાના પ્રસ્તાવ પર હાલ વિચારણા કરવામાં આવી રહી છે....આ પ્રસ્તાવને કયા નામે ઓળખવામાં આવે છે ? – ટૂર ઓફ ડ્યુટી (Tour of Duty)

20. ભારતના કયા શહેરમાં આવેલી CSIR-Advanced materials and Processes Research Instituteના વૈજ્ઞાનિકોએ, એક જાતના 'હલ્કા કાર્બન ફોમ' (Lightweight Carbon Foam)ની શોધ કરી છે ? – ભોપાલ

(વજનમાં હલકા આ કાર્બન ફોમ ખૂબ જ વજનદાર લેડ એસિડ બેટરીમાં લેડ ગ્રિડનું સ્થાન લઈ શકે છે.)

21. WTO અથવા તો World Trade Organizationના વર્તમાન (28 મે, 2020ની સ્થિતિએ) ડિરેક્ટર જનરલ કોણ છે ? – શ્રી રોબર્ટો એઝવેડો (બ્રાઝિલ)

(બ્રાઝિલના શ્રી રોબર્ટો એઝેવેડો WTOના છટ્ઠા ડિરેક્ટર જનરલ છે. અને તેમણે તાજેતરમાં એવી જાહેરાત કરી છે કે તેઓ આગામી 31 ઓગસ્ટ 2020ના રોજ WTOના ડિરેક્ટર જનરલ પદેથી રાજીનામું આપી દેશે....તેથી તેઓ હાલ ચર્ચામાં છે.)

22. મે 2020 દરમિયાન કેટલામી World Health Assembly (વિશ્વ આરોગ્ય સભા)નું આયોજન થયું હતું ? – 73મી

(આ વર્લ્ડ હેલ્થ એસેમ્બ્લી દર વર્ષે સ્વિત્ઝર્લેન્ડના જીનેવામાં યોજાય છે. પરંતુ તાજેતરમાં COVID-19 મહામારીને કારણે આ એસેમ્બ્લીનું પ્રથમ વખત વર્ચ્યુઅલ આયોજન થયું હતું. આ એસેમ્બ્લીમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. હર્ષવર્ધને ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.)

23. 21 મે 2020ને ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે ભારતના કયા રાજ્યમાં 'રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના' શરૂ કરવામાં આવી છે ? – છત્તીસગઢ

(આ યોજના અંતર્ગત પ્રતિ એકર રૂ. 10,000ની સહાય સીધી જ ખેડૂતોના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવશે.)

24. ભારતના કયા રાજ્યની સરકારે દેશી દારૂ પર બોટલ દીઠ 10 રૂપિયા અને વિદેશી દારૂ પર MRPના 10 ટકા 'વિશેષ કોરોના ટેક્સ' લાદવાનો નિર્ણય કર્યો છે ? – છત્તીસગઢ

25. ભારતમાં કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશની સરકારે દારૂ પર લાદેલો 70 ટકા 'કોરોના સ્પેશિયલ ટેક્સ' 10 જૂન 2020થી હટાવવાનો નિર્ણય કર્યો છે ? – દિલ્હી

26. તાજેતરમાં ચર્ચામાં રહેલ એટાલિન જળવિદ્યુત યોજના ભારતના કયા રાજ્યમાં આવેલી છે ? – અરૂણાચલ પ્રદેશ

(એટાલિન જળવિદ્યુત યોજના એ અરૂણાચલ પ્રદેશની દિબાંગ ઘાટીમાં નિર્માણ પામનારી પ્રસ્તાવિત 3097 મેગાવોટની યોજના છે. તાજેતરમાં પર્યાવરણ ચળવળકારો દ્વારા આ યોજનાના થઈ રહેલા વિરોધને કારણે તે હાલ ચર્ચામાં છે)

27. WHO દ્વારા કોરોના વાઈરસ મહામારીની સ્વતંત્ર તપાસ માટે ભારત સહિત કેટલા દેશોએ યુરોપિયન યુનિયન દ્વારા નિર્મિત પ્રસ્તાવને સમર્થન આપ્યું છે ? – 116

28. Centre for International Climate and Environmental Research (CICERO) નોર્વે દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર દ્વિતીય વિશ્વ યુદ્ધ બાદ

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

કયા વર્ષે વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે ? – 2020

(વર્ષ 2020માં વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં 4.2 થી 7.5 ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે.)

29. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'પ્રોટોકોલ ઓન ઈનલેન્ડ વોટર ટ્રાન્ઝિટ એન્ડ ટ્રેડ' (PIWT & T)ના બીજા પરિશિષ્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ? – બાંગ્લાદેશ

(આ નવી સમજૂતી બાદ Indo Bangladesh Protocol-IBP અંતર્ગત પરિવહન માર્ગોની સંખ્યા 8થી વધીને 10 થઈ ગઈ છે.)

30. કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા ચરણમાં ભારતના ગ્રામીણ વિસ્તારોમાં સડકના નિર્માણ માટે કયા ટેકસટાઈલનો ઉપયોગ કરવામાં આવશે ? – કોયર જીયો ટેકસટાઈલ્સ (Coir Geo Textiles)

31. ભારતમાં દક્ષિણ અંદમાન દ્વીપ પર આવેલા તાડ (Palm) પ્રજાતિના 'પિનંગા અંડામેનેન્સિસ'ને બીજા સ્થાને ભારતમાં કઈ જગ્યાએ આવેલી 'જવાહરલાલ નહેરુ ટ્રોપિકલ બોટનિક ગાર્ડન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ'માં રોપવામાં આવ્યું છે ?

– તિરુવનંતપુરમ (કેરળ)

(દક્ષિણ અંદમાન દ્વીપના 'માઉન્ટ હેરિયર નેશનલ પાર્ક'માં આ પ્રજાતિના 600 જેટલા વૃક્ષો આવેલા છે. તેને લુપ્ત પ્રાય થતા બચાવવા કેરળમાં રોપવામાં આવ્યા છે.)

32. તાજેતરમાં ભારતના કયા રાજ્યની હાઈકોર્ટે તે રાજ્યના શિક્ષણ અને કાયદા મંત્રીનું ધારાસભ્ય પદ તથા તેમની ચૂંટણી રદ કરી હતી ? – ગુજરાત

(ગુજરાત હાઈકોર્ટે ગુજરાતમાં ધોળકા વિધાનસભા બેઠક પરથી માત્ર 327 મતે ચૂંટાયેલા શ્રી ભૂપેન્દ્ર સિંહ ચૂડાસમાનું ધારાસભ્ય પદ અને તેમની ચૂંટણી રદ કરી હતી. કેમકે આ ચૂંટણીમાં મત ગણતરી સમયે રિટર્નિંગ અધિકારીએ 429 પોસ્ટલ બેલેટ રદ કર્યા હતા.)

33. તાજેતરમાં પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી શ્રી એશ્લે કૂપરનું નિધન થયું છે....તેમના દેશનું નામ શું છે ?

– ઓસ્ટ્રેલિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS